સુવિચાર
જે સંઘર્ષ કરીને હરેક કદમ પર મર્દાનગીથી ટક્કર લે છે તે કારકિર્દી બનાવે છે.
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૩૧/૦૭/૨૦૨૪, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ
(ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૦ અષાઢ વદ-૧૧ વર્ષ : ૧૫ અંક : ૧૯૬

ફ્રી....ફ્રી.... (વિનામૂલ્ય) ઓપરેશન...
નીચે પ્રમાણેના રોગો માટે ફ્રી (વિનામૂલ્ય) ઓપરેશન સુવિધા....
અકસ્માત ઈજા - ફ્રેકચર - ટ્રોમા સિઝેરિયન - પ્રસુતિ ઓપરેશન
સારણગાંઠ - એપેન્ડીક્ષ - વધરાવળ હરસ - મસા - ફીશર
પથરી - પ્રોસ્ટેટ કીડનીના રોગો કીડનીના દર્દી માટે મફત ડાયાલીસીસ
લેપ્રોસ્કોપીક સર્જરી ( દૂરબીનથી ઓપરેશન)




નવજીવન
જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૩, ૯૯૭૮૨ ૨૩૦૦૦ ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૮૨ ૬૩૦૦૦

## અપુરતુ વેતન, સામાજિક સુરક્ષા, સેવાની નિવૃત્તિ સહિતની માંગ સંતોષાતી નથી

# અમરેલી જિલ્લાની ''આશાવર્કર''માં નિરાશાનો માહોલ

**રાજયની બહેનોનાં ભાઈ પ્રધાનમંત્રી હોવા છતાં પણ વ્યાજબી માંગ સંતોષવામાં આવતી નથી**

**રાજયની બહેનો ભાઈને કાગળ લખી-લખીને થાકી છતાં કોઈ યોગ્ય જવાબ મળતો નથી**

**જનતાન આરોગ્યની સેવા કરનાર આશાવર્કરને પોતાના અને પરિવારનાં આરોગ્યની ચિંતા સતાવી રહી છે**

**ભારતીય મઝદૂર સંઘની આગેવાનીમાં આશા વર્કરોએ કલેકટર મારફત આરોગ્ય મંત્રીને આવેદનપત્ર પાઠવ્યું**



અમરેલી, તા. ૩૦

અમરેલી જિલ્લાની આશાવર્કર અને ફેસિલીટર બહેનો અપુરતા વેતન, સામાજિક સુરક્ષાનો અભાવ સહિતની માંગને લઈને ઘણા સમયથી સરકાર સમક્ષ રજૂઆત કરી રહીછેઅનેઆજેપુનઃભારતીયમઝદૂર સંઘના નેતૃત્વમાં કલેકટર મારફત રાજયનાંઆરોગ્યમંત્રીનેઆવેદનપત્ર પાઠવેલછે.

વર્ષ ૨૦૧૩-૧૪માં ગુજરાતનાં પનોતા પુત્ર અને તે સમયે રાજયનાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ લોકસભાનીચૂંટણીનાંપ્રચારમાંરાજયની બહેનોને સંબોધતા જણાવેલ કે તમારો ભાઈ પ્રધાનમંત્રી બને તે માટે ભાજપને મતઆપજોઅનેતમારોભાઈદિલ્હીમાં પ્રધાનમંત્રી હોય અને કોઈ કામ પડે તો ૧૫પૈસાનુંપોસ્ટકાર્ડલખજોતમારૂ કામ ફટાફટ થઈ જશે.

પરંતુ આજે ૧૦ વર્ષથી ગુજરાતનીબહેનોનોભાઈ પ્રધાનમંત્રી છેછતાંપણબહેનોનેન્યાયમાટેભટકવું

અનુસંધાન પાના ૬ ઉપર

## જિલ્લા મેજીસ્ટ્રેટનાં વોરંટનાં આધારે

# રાજુલાના વડગામનાં શિવરાજ ધાખડાની પાસા હેઠળ અટકાયત

**એલસીબીએ અમદાવાદ જેલ હવાલે કર્યા**



અમરેલી, તા. ૩૦

અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહે અમરેલી જિલ્લામાં અસામાજીક પ્રવૃતિ કરનાર ઈસમો ઉપર કડક હાથે કાર્યવાહી કરવા તેમજ શરીર-સબંધી ગુન્હાઓ કરવાની ટેવ વાળા અને ઘાતક હથિયારો સાથે નિર્દોષ નાગરિકોને દાદાગીરી કરી. ધાક ધમકી આપી ઈજાઓ કરી જાહેર વ્યવસ્થા ખોરવતા અને ભયનું સામ્રાજય ફેલાવી આંતક મચાવતા માથાભારે ઈસમો સામે પાસા-તડીપાર જેવા સખ્ત પગલા લઈ ગુન્હેગારોને કાયદાનું ભાન થાય. તેમજ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા સુદઢ બને,તે માટે પાસા-તડીપારના પ્રવર્તમાન કાયદાઓ હેઠળ કાર્યવાહી કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય. જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ.એ.એમ.પટેલે ગુનાઓ

અનુસંધાન પાના ૬ ઉપર

## જર, જમીન અને જોરૂ કજીયાનાં છોરૂ

# રાજુલાનાં કુંડલીયાળા ગામે ખેતીની જમીન બાબતે ભાઈઓ વચ્ચે માથાકૂટ

**મહિલા વચ્ચે પડતા તેણીને પણ ઈજા**

અમરેલી, તા.૩૦

રાજુલા તાલુકાના કુંડીયાળ ા ગામે રહેતી સોનલબેન ગૌતમભાઈ કેશુભાઈ ગૌસ્વામી નામની મહિલાના સસરાએ તેની જમીનમાં લોન લીધેલ

અનુસંધાન પાના ૬ ઉપર

## જિલ્લાની જનતા જનાર્દન ''જાયે તો જાયે કહા'' તેવી સ્થિતિમાં

# અમરેલી જિલ્લાનાં શહેરી વિસ્તારમાં ગાય, ખૂંટિયા અને શ્વાન અને ગ્રામ્ય વિસ્તારમાં સિંહ-દીપડાથી ફફડાટ

**પદાધિકારીઓ અને અધિકારીઓનાં ભોગે જનતા જનાર્દન પરેશાન**

અમરેલી, તા. ૩૦

અમરેલી લીલયાની ૧૫ લાખ જનતામાં રખડતા પશુઓની સમસ્યાથી તોબા પોકારી ચુકી છે.શહેરી વિસ્તારોમાં રખડતા શ્વાન,આખલા અને ગૌચરને ગ્રામ્ય વિસ્તારમાં દીપડા અને સિંહ જેવા પ્રાણીઓથી તોબા પોકારી ચુકી છે.

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
61,990/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૩૦/૦૭/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬




દરમ્યાનમાં આજ રોજ લીલીયામોટાના વડવાળા હનુમાન મંદીર ખાતે તાલુકાના સરપંચોની અગત્યની મીટીંગ બોલાવેલ જેમાં દિપડા દ્વારા માનવ હુમલા થતા અટકાવવા બાબતે ચર્ચા કરાઈ જેને લઈ ૩૭ ગામના સરપંચો દ્વારા આર.એફ .ઓને તમામ સરપંચો દ્વારા રૂબરૂ મળી રોષ વ્યકત કરવામાં આવેલ અને આવેદન આપવામાં આવેલ જે અંગે સ્થાનિક અધિકારીએ આવેલ તમામ સરપંચોનું આવેદન સ્વીકારી ખાત્રી આપેલ કે આપની માંગણી અન્વયે પુરતુ ધ્યાન આપવામાં આવશે અને આવનારા દિવસોમાં આવિ કોઈ ઘટના ન બને તેવી તકેદારી રાખવામાં આવશે તેવી વન વિભાગ અધિકારી દ્વારા ખાત્રી આપવામાં આવેલ આ તકે સરપંચ એશોસીયત પ્રમુખ ભવીભાઈ કુંમર સાથે સાથે જીવનભાઈ વોરા,રાજુભાઈ ભેડા,રાજુભાઈ સાવજ,ધીરૂભાઈ ખુમાણ, નિલેશભાઈ ધોરાજીયા, કીરીટભાઈ સોળિયા, કમાભાઈ ભરવાડ, બાલાભાઈ ભરવાડ, સુખાભાઈ ભરવાડ, જયેશદાદા, ધનશ્યામ મેધાણી, પ્રવિણબાપુ, હસમુખભાઈ પલિરા, આનંદ ધાનાણી,મનુભાઈ ડેર, સુરેશભાઈ રામાણી સહિતના સરપંચો આ તકે હાજર રહેલ. અમરેલી લીલયાની ૧૫ લાખ જનતામાં રખડતા પશુઓની સમસ્યાથી તોબા પોકારી ચુકી છે. શહેરી વિસ્તારોમાં રખડતા શ્વાન, આખલા અને ગૌચરને ગ્રામ્ય વિસ્તારમાં દીપડા અને સિંહ જેવા પ્રાણીઓથી તોબા પોકારી ચુકી છે. દરમ્યાનમાં આજ રોજ લીલીયામોટા ના વડવાળા હનુમાન મંદીર ખાતે તાલુકાના સરપંચોની અગત્યની

અનુસંધાન પાના ૬ ઉપર

## વરસાદી પાણીનો ભરાવો થતાં અને માર્ગો બિસ્માર બનતાં મોરમ પાથરવામાં આવી અને ટ્રેક્ટર ફસાયું

# લ્યો બોલો : અમરેલીનાં પ્રમુખ સ્વામીનગરમાં પાલિકાનું ટ્રેક્ટર ફસાયું

શહેરનાં વિકસિત વિસ્તારમાં વરસાદી પાણીનો ભરાવો થતાં રોગચાળાનો ગંભીર ખતરો ઉભો થયો

સ્થાનિકોની રજૂઆત બાદ પાલિકા દ્વારા મોરમ પાથરવાનું કાર્ય શરૂ કરાયું

મોરમ લઈને આવેલ ટ્રેક્ટર જ બિસ્માર માર્ગમાં ફસાઈ જતાં જોવા જેવી થઈ

જિલ્લાભરમાં પાલિકા અને પંચાયતોની કામગીરીનો મેઘરાજાએ પર્દાફાશ કરી દીધો



અમરેલી, તા. ૩૦

અમરેલીનાં વિકસિત વિસ્તાર ગણાતા લાઠી રોડ ઉપર આવેલ પ્રમુખ સ્વામી નગરમાં વરસાદી પાણીનો ભરાવો અને બિસ્માર માર્ગની સમસ્યા દૂર કરવા માટે પાલિકા ધ્વારા ટ્રેક્ટર ભરીને મોરમ પાથરવાનું શરૂ તો થયું પરંતુ મોરમ ભરેલ ટ્રેક્ટર પણ ફસાઈ જતાં જોયા જેવી હાલત થઈ હતી.

પ્રમુખ સ્વામી નગરમાં કાચા માર્ગો હોવાથી સામાન્ય વરસાદમાં રાહદારીઓ કે વાહનચાલકોને પસાર થવામાં મુશ્કેલી ઉભી થતાં પાલિકાનાં શાસકો સમક્ષ રજૂઆત થતાં આજે પાલિકા ધ્વારા માર્ગની હંગામી ધોરણે મરામત કરવાનાં હેતુથી મોરમ પાથરવાનું શરૂ તો થયું પણ ટ્રેક્ટર પણ ફસાઈ જતાં સ્થાનિકોમાં એક તરફ ગુસ્સો અને બીજી તરફ હાસ્યનો માહોલ જોવા મળી રહ્યો હતો.

---

### રાજુલાનાં કાતર ગામનાં ૨ અને ૧ તલાટી મંત્રી વિરૂધ્ધ પોલીસમાં અરજી અપાઈ

## અમરેલીનાં એસ.ટી.ના નિવૃત્ત કર્મચારી સાથે રૂપિયા ૯ લાખની છેતરપીંડી અને વિશ્વાસઘાત થયો ?

**જો કે સિટી પોલીસ દ્વારા ગુન્હો નોંધાયો નથી તપાસ શરૂ હોવાનું જણાવાયું**

અમરેલીતા.૩૦

અમરેલીનાં એસ.ટી. વિભાગનાં નિવૃત કર્મચારી અને જેસીંગપરા નિવાસી દિનુભાઈ જેસાણી સાથે જમીન ખરીદવામાં ભાગીદારી કરવાના નામે રૂપિયા ૯ લાખની છેતરપીંડી અને વિશ્વાસઘાત થયાની અરજી ભોગ બનનારે સિટી પોલીસમાં આપતાં પોલીસ આરોપીઓનાં નિદેવન નોંધલ છે. જો કે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી નથી.

સિટી પોલીસમાં અપાયેલ અરજીમાં ફરિયાદી દિનુભાઈ જેસાણીએ રાજુલાનાં કાતર ગામનાં સંજયભાઈ જેસાણી, અને સદામહુસૈન સૈયદ અને સાવરકુંડલાનાં કડીયાળીનાં તલાટી મંત્રી કેતનભાઈ દાફડા સહિત ૩ વ્યકિત ગંભીર આક્ષેપ કરતા જણાવેલ છે કે જાફરાબાદનાં બાબરકોટ ગામની જમીન ખરીદવાની હોય તેમાં ભાગીદાર થવા માટે શરૂઆતમાં ૫૦ હજાર અને બાદમાં ૪.૫૦ લાખ આપેલ.

બાદમાં વધુ રૂપિયાની જરૂર જણાતાં વધુ ૪.૫૦ લાખ આપેલ અને બાદમાં જમીનમાં ભાગીદારી આપવામાં ન આવી અને અવાર–નવાર ઉઘરાણી કર્યા બાદ માત્ર રૂપિયા ૫૦ હજાર પરત મળેલ હોય બાકીનાં રૂપિયા ૯ લાખ પરત આપતાં ન હોય ઉપરોકત ત્રણેય વ્યકિત વિરૂધ્ધ ફરિયાદ નોંધવામાં માંગ કરેલ હોય પરંતુ, સિટી પોલીસ દ્વારા આરોપીઓનાં નિવેદન લેવામાં આવેલ હોય હજુ સુધી કાયદેસર પોલીસ ફરિયાદ દાખલ થતી ન હોવાનું ફરિયાદ દાખલ થતી ન હોવાનું ફરિયાદીનાં પુત્રએ જણાવેલ છે.

---

### ગુજરાતીઓએ ૬૫૦ કરોડ ગુમાવ્યા

## હે રામ : ગુજરાતમાં સાયબર ગુન્હાઓમાં જબ્બરો વધારો

**સમગ્ર દેશમાં ગુન્હામાં ૩જા સ્થાને**

અમરેલી, તા. ૩૦

ડીઝીટલ ઈન્ડિયાની સુફિયાણી વાતો કરતી ભાજપ સરકારની પોલ ખોલતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવકતા હિરેન બેન્કરએ જણાવ્યુ હતુ કે ગુજરાતમાં નકલી અધિકારી,નકલી કચેરી,નકલી ટોલનાકા, નકલી પીએમઓ, સી એમઓ અધિકારી બાદ નકલી ઓળખ બનાવીને ગુજરાતના નાગરીકોને લુટવાનું સુનિયોજિત રીતે સાયબર ગઠિયાખોરી કરી રહયા છે.ગુજરાતમાં ફેક પ્રોફાઈલ,ફેસબુક આઈડી સહિતની નકલી ઓળખ બનાવીને નાગરીકોના ખીસ્સા પર લુંટ ચલાવવામાં આવી રહી છે ત્યારે ગુજરાતના માનનીય ગૃહમંત્રીનું પણ આમાંથી બાકાત રહી શકયા નથી.સાયબર ગઠીયાઓ એટલા છાટકા બન્યા છે કે તેમને ગુજરાતના ગૃહમંત્રીનું નકલી એકાઉન્ટ બનાવી દીધું.સુરતના કમિશનરનું પણ નકલી એકાઉન્ટ બનાવવામાં આવ્યું.આજ દર્શાવે છે કે ગુજરાતના નાગરીકોને સાઈબર સુરક્ષા આપવામાં ભાજપ સરકાર સદંતર નિષ્ફળ નીવડી છે. ઈન્ફોર્મેશન ટેકનોલોજી અને કોમ્યુનિકેશનના યુગમાં ઈન્ટરનેટ વપરાશ આવશ્યક બન્યું છે ત્યારે ઓનલાઈન સર્ફિંગ, સોશીયલ મીડીયા, ઈ–બેન્કીંગ સહિતના સાઈબર ગુન્હાઓમાં ગુન્હાઓ ગુજરાતમાં સતત વધુ રહયા છે.એક વર્ષ(૨૦૨૩)માં જ ગુજરાતમાં ૧૨૧૭૦૧ જેટલી સાયબર ફ્રોડ ફરીયાદ નોંધાઈ છે.સાયબર ગઠિયાઓ એ એક વર્ષમાં સાયબર છેતરપીંડીમાં ગુજરાતીઓ રૂપિયા ૬૫૦ કરોડના લુંટયા છે. સરેરાશ દર કલાકે ૧૩ થી વધુ અને એક દિવસમાં સરેરાશ ૩૩૩ થી વધુ સાયબર છેતરપીંડીના ગુન્હાઓ થઈ રહયા છે. વર્ષ ૨૦૨૩માં દેશમાં ૧૧૨૮૨૬૫ સાયબર ફ્રોડની ફરીયાદ નોંધાઈ છે.જેમાં ઉતરપ્રદેશ ૧૯૭૫૪૭ સાથે પ્રથમ,મહારાષ્ટ્રમાં ૧૨૫૧૫૩ સાથે બીજા અને ગુજરાતમાં ૧૨૧૭૦૧ ફરીયાદ સાથે ત્રીજા ક્રમાંકે છે.

મહિલા જાતીય સતામણી, મોબાઈલ, કોમ્પ્યુટર, ટેબલેટ,લેપટોપ દ્વારા ઈન્ટરનેટના માધ્યમથી કાયદા–કાનુનનો ભંગ કરીને છેતરપીંડી ઓનલાઈન ફ્રોડ, આર્થીક ગુન્હાઓની ઘટનાઓ ગુજરાતમાં વધી રહી છે. સાયબર ફ્રોડથી બચવાની માહિતી ગુજરાતના નાગરીકોને મળીએ તે આવશ્યક છે ત્યારે ગુજરાતમાં સાઈબર ગુન્હાઓની તપાસ,કાર્યવાહી વિગેરે માટે માત્ર ૧૪ જેટલા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન છે.ગુજરાતમાં વધી રહેલા સાયબર ફોર્ડને રોકવા ભાજપ સરકાર કડક અને ત્વરિત પગલા લે અને સાયબર સુરક્ષા અંગે યુવાનોમાં જાગૃતિના વધુમાં વધુ કાર્યક્રમો થાય એ સુનિશ્ચિત કરે.

| ક્રમ | રાજય | સાયબર છેતરપીંડી અંગે નોંધાયેલ ફરિયાદ | રૂપિયા |
|---|---|---|---|
| ૧ | ઉતરપ્રદેશ | ૧૯૭૫૪૭ | ૭૨૧.૦૭ |
| ૨ | મહારાષ્ટ્ર | ૧૨૫૨૫૩ | ૯૯૦.૬૯ |
| ૩ | ગુજરાત | ૧૨૧૭૦૧ | ૬૫૦.૫૩ |

---

### ધારાસભ્ય વેકરિયાનુ નિવેદન

## વડિયાથી બાંટવાદેવળીનો માર્ગ નવરાત્રિ બાદ નવો બનશે

**સ્થાનિક આગેવાનોની રજુઆત સફળ રહી**

વડિયા, તા. ૩૦

લોકો ખરાબ રસ્તાના કારણે હેરાન ન થાય એટલા માટે મને સ્થાનિક કાર્યકરો દ્વારા રજુઆત કરવામાં આવી હતી. હું ધારાસભ્ય બન્યો ત્યારે મને મારા મત વિસ્તારમાંથી જીલ્લા પંચાયત શાસક પક્ષના નેતા વિપુલભાઈ રાંક તાલુકા પંચાયત કારોબારી ચેરમેન તુષારભાઈ ગણાત્રા અને તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષભાઈ ઠુંમર દ્વારા રજુઆત કરવામાં આવી હતી જેમાં તાત્કાલિક ધોરણે મે ગુજરાતના મુખ્ય મંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને રજુઆત કરી અને આજે આ વડિયા થી બાંટવા દેવળી રોડ મંજુર થઈ ગયો છે ત્યારે ચુંટણીની આચારસહિતા લાગુ પડી ગઈ હતી અને હાલમાં ચોમાસુ ચાલી રહયુ છે ત્યારે ટુંક સમયમાં ચોમાસુ પૂર્ણ થાય એટલે આ રોડની કામગીરી શરૂ કરવામાં આવશે.

---

### સાદુ જીવન અને ઉચ્ચ વિચારો ધરાવતાં વ્યકિતનું શ્રેષ્ઠ કાર્ય

## ભૈ વાહ : સાવરકુંડલામાં પર્યાવરણ પ્રેમીએ મર્યાદિત સંસાધનથી ઉભુ કર્યુ વૃક્ષોનું સામ્રાજય

**પર્યાવરણ પ્રેમી જનકભાઈ જોષી સામાન્ય સ્થિતિમાં જીવન પસાર કરે છે**



સાવરકુંડલા, તા. ૩૦

સાવરકુંડલાના ગાંધી ચોકમાં મહાલક્ષ્મી મંદિરમાં પૂજારી અને ગરીબ પરિવારના જનકભાઈ જોશી માત્ર ૪૫૦૦ રૂપિયાના પગારમાં પોતાનું ઘર ચલાવે છે.છતા રોજનો એક રૂપિયો તેમણે આખા વર્ષની બચત એટલે કે ૩૫૦ રૂપિયામાં ૨૦ વૃક્ષો વાવવામાં ખર્ચી દીધા.બિન ઉપયોગી કપડા તેમજ કડિયા કામમાં વપરાતા વેસ્ટિજ વાંસમાંથી પિંજરા બનાવી મળતી ખાલી જગ્યાઓમાં તેમણે આ વૃક્ષો વાવીને તેનું ધ્યાન રાખવાનું શરૂ કર્યુ.આવનારી પેઢીને ગરમી અને પ્રદષણથી બચાવવા માટે તેમણે આ ભગીરથ કાર્ય હાથધર્યુ છે.જનકભાઈ દરરોજ સાઈકલ લઈને આ વૃક્ષોને પાણી પીવડાવે છે.તેમનું ધ્યેય છે કે આ નાના છોડો મોટા વૃક્ષો બનીને આપણને ઠંડક આપે.તેમની આ સેવા જોઈને દરેક વ્યકિતએ પ્રેરણા લેવી જોઈએ.

આજકાલ ગ્લોબલ વોર્મિંગની સમસ્યા ખુબ જ ગંભીર બની ગઈ છે. ગરમી, પ્રદુષણ અને અન્ય પર્યાવરણીય સમસ્યાઓ આપણા જીવનને પ્રભાવિત કરી રહી છે.

આપણે બધા જ જનકભાઈ પાસેથી પ્રેરણા લઈને વધુને વધુ વૃક્ષો વાવી શકીએ છીએ.આપણે આપણા ઘરની આસપાસ, સ્કુલમાં, કોલેજમાં કે પછી કોઈ ખાલી જગ્યામાં વૃક્ષો વાવી શકીએ છીએ તેમજ વૃક્ષોનું ધ્યાન રાખીએ.આપણે આપણા બાળકોને પણ વૃક્ષોની મહત્વતા વિશે જણાવવું જોઈએ.

જયાં જગ્યા મળે ત્યાં એક વૃક્ષ વાવે અને તેની સંભાળ લેવી જોઈએ. આપણે બધા મળીને આપણું પર્યાવરણ બચાવી શકીએ છીએ. જનકભાઈ જોશી એક સામાન્ય વ્યકિત છે, પરંતુ તેમનું કામ અસામાન્ય છે. તેમણે સાબિત કર્યુ છે કે નાની શરૂઆતથી મોટું પરિવર્તન લાવી શકાય છે.

---

### તાલુકા કક્ષાની સ્પર્ધામાં

## પુંજાપાદર પ્રાથમિક શાળાનાં બાળકોનો શ્રેષ્ઠ દેખાવ

**શિક્ષકોએ શુભેચ્છા પાઠવી**



લીલીયા, તા.૩૦

લીલીયા મોટા તાલુકાકક્ષાની ખોખોની સ્પર્ધામાં પુંજાપાદર પ્રાથમિક શાળાની અંડર ૧૪ મહિલાની ટીમે પ્રથમ નંબર લાવી શાળાનું ગૌરવ વધાર્યુ છે. આ સાથે જ તાલુકાની અંડર ૧૪ એથ્લેટીક સ્પર્ધામાં જુદી જુદી ઈવેન્ટમાં બાળકોએ શ્રેષ્ઠ પ્રદર્શન કર્યુ છે. લાંબી કુદમાં શ્રુતીબને વેકરીયા, ઉંચી કુદમાં દિપ્તીબેન જાસલીયા તથા ૧૦૦ મીટર દોડમાં બગડા રીષભે પણ પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો. તો બીજી તરફ ૧૦૦ મીટર દોડમાં વેકરીયા ભાવિકા, ગોળા ફેંકમાં ગોહીલ વિવેક, ઉંચી કુદમાં મિલન બગડાએ દ્વિતીય નંબર પ્રાપ્ત કર્યો હતો. અને ચક્રફેકમાં મંથન કનેજા, લાંબી કુદમાં જય ચાવડા તૃતિય નંબર લાવ્યા હતા. તમામ બાળકોએ ભણવાની સાથે પોતાની રમત ગમતમાં પણ પોતાનું કૌશલ્ય સાબિત કરતા શાળાનાં શિક્ષકઓ તથા આચાર્યએ બાળકોને શુભેચ્છા પાઠવી હતી. સાથે જિલ્લા કક્ષાએ સારૂ પ્રદર્શન કરવા માર્ગદર્શન આપ્યું હતું. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

---

### જીલ્લાનાં ૬૩૦ ગામોમાં દવા છંટકાવ કામગીરી પૂર્ણ

## અમરેલી જીલ્લાને ચાંદીપુરા વાયરસથી સુરક્ષિત રાખવા આરોગ્ય વિભાગ કટીબધ્ધ

**જુદા–જુદા ગામો અને સ્થળોએ જનજાગૃત્તિ કાર્યક્રમો યોજાયા**

અમરેલી, તા. ૩૦

મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીની યાદી જણાવે છે કે ચાંદિપુરા વાયરસનાં કારણે વિવિધ જીલ્લામાં જયારે કેસો નોંધાય રહ્યા છે. ત્યારે અમરેલી જીલ્લામાં ચાંદિપુરા વાયરસનો એક પણ શંકાસ્પદ કેસ નોંધાયેલ નથી. તેમજ ભવિષ્યમાં પણ અમરેલી જીલ્લો આ વાયરસનાં ભરડામાં ન સંપડાય તેવી કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવા જીલ્લા આરોગ્ય વિભાગ એલર્ટ બની ગયું છે. આરોગ્ય વિભાગ દ્વારા સર્વે તેમજ મેલેથીયોન ડસ્ટિંગ પાઉડર છંટકાવની કામગીરી હાથ ધરાઈ છે. જેમાં જીલ્લાના વિવિધ તાલુકા સ્થળે આવી કામગીરીમાં સતર્કતા દાખવવા અને આવો કોઈ શંકાસ્પદ કેસ જણાય તો તુરત જ તે અંગે જીલ્લા આરોગ્ય વિભાગને જાણ કરવા જણાવેલ છે. પીડિયાટ્રિશિયન, ફિઝીશયન અને આઈએમએને પણ સતર્કતા દાખવવા જણાવેલ છે.



ચાંદિપુરા વાયરસ અટકાયતી પગલાં અને જનજાગ્રૃતિ કામગીરી અંતર્ગત ૬૩૦ ગામોનાં ૧૨૭૩૭ કાચા/લિપણવાળા ઘરોમાં તેમજ ૧૨૭૬ આંગણવાડી કેન્દ્રો અને ૮૬૯ શૈક્ષણિક સંસ્થાઓમાં મેલેથીયોન ડસ્ટિંગ પાઉડર છંટકાવ કામગીરી પૂર્ણ થયેલ છે. આ સાથે જીલ્લા આરોગ્ય વિભાગ દ્વારા આરોગ્ય લક્ષી કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. ચાંદીપુરા વાયરસના સંક્રમણની અગમચેતીના ભાગરૂપે અમરેલી જીલ્લાના પ્રજાજનોમાં કોઈ ભય ન ફેલાય તે માટે આરોગ્ય વિભાગ દ્વારા જન–જાગ્રૃતિની પ્રવૃતિ કરવામાં આવી રહી છે. વિવિધ ગામો, આંગણવાડી કેન્દ્રો, શાળાઓમાં જન–જાગૃતિ કાર્યક્રમો યોજી લોકોને તકેદારી રાખવા અને સાવચેત રહેવા સમજણ આપવામાં આવી રહી છે. તેમ છતાં જો કોઈ ચાંદીપુરા વાયરસના લક્ષણો જણાય તો તાત્કાલીક નજીકનાં સરકારી દવાખાનાનો સંપર્ક કરવા અમરેલી જીલ્લા આરોગ્ય વિભાગ તંત્ર દ્વારા અનુરોધ કરાયો છે.

## સાંસદ સુતરીયાની ભાષામાં જિલ્લાનાં ૬ શેર (સિંહ) પાટનગરમાં

# અમરેલી જિલ્લાનાં સાંસદ અને પાંચેય ધારાસભ્યો પહોંચ્યા દિલ્હી

**નેશનલ હાઈ-વે, રેલ્વે, પર્યાવરણ, સિંચાઈ, વન વિભાગ સહિતનાં પ્રશ્નોનાં નિરાકરણની રજુઆત**

**રાષ્ટ્રિય નેતાઓ સાથે જિલ્લાનાં પ્રાણ પ્રશ્નો અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી**

**ગૃહમંત્રી અમિત શાહ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, લોકસભા સ્પીકર ઓમ બિરલાની પણ મુલાકાત કરી**

**સાંસદ રૂપાલા, ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણીની પણ મુલાકાત કરવામાં આવી**



સાવરકુંડલા, તા. ૩૦

ભારત દેશ ખેતીપ્રધાન દેશ છે ત્યારે અમરેલી જિલે ખેતી નિર્ભર જિલ્લો હોય સાથે ગીરની શાન ગણાતા સિંહોનો ગઢ ગણાતા અમરેલી જિલ્લામાં ૮૦ટકા જેટલી વસ્તી ખેતી સંલગ્ન હોય ત્યારે કેન્દ્રની તથા રાજયની ભાજપ સરકાર દ્વારા અમરેલી જિલ્લાનાં વિકાસ માટે અઢળક ગ્રાન્ટો અને કામો આપવામાં આવી રહયા છે. હાલ આ જિલ્લો વિકાસ તરફ ખુબજ આગળ વધી રહયો છે. ત્યારે કેટલાક અમરેલી જિલ્લાનાં પાયાના પ્રશ્નો જેવા કે નેશનલ હાઈ-વે, રેલ્વે, ફોરેસ્ટ અને પર્યાવરણ, સિંચાઈ અને પાણી જેવા મહત્વનાં પ્રશ્નોને તાકીદે નિવારણ આવે અને અમરેલી જિલ્લો અમર વેલી બની જાય તેવા ધ્યેય સાથે કામ કરતા સ્વભાવનાં સરળ અને કામોમાં નિપુણ ગણાતા અમરેલની સાંસદ ભરતભાઈ સુતરીયાની આગેવાનીમાં અમરેલી જિલ્લાનાં પાંચયે ધારાસભ્યો દિલ્હી પહોંચ્યા હતા. અમરેલીના ધારાસભ્ય અને વિધાનસભાનાં નાયબ દંડક કૌશિક વેકરીયા, સાવરકુંડલા- લીલીયા વિધાનસભાનાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, હીરાભાઈ સોલંકી, જનકભાઈ તળાવીયા, જે.વી. કાકડીયા આજે દિલ્હી દરબારમાં પહોંચ્યા હતા. દિલ્હી દરબારમાં ઉપ રાષ્ટ્રપતિ જગદીપ ધનખડજી તથા લોકસભાના સ્પીકર ઓમ બિરલાજી સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી.

ત્યારબાદ આપણા ગુજરાતનું ગૌરવ અને દેશનાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે પણ કાયદો અને વ્યવસ્થા બાબતે મુલાકાત કરી ચર્ચા વિચારણાઓ કરી હતી. રાષ્ટ્રી ભાજપા અધ્યક્ષ જે.પી. નઢ્ઢા તેમજ કેન્દ્રય મંત્રી ડો. મનસુખભાઈ માંડવીયા અને ભુપેન્દ્ર યાદવ સાથે પણ શુભેચ્છા મુલાકાત કરી વિવિધ પ્રશ્નોની ચર્ચાઓ કરી હતી. જયારે કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલ અને સાંસદ પુરૂષોત્તમ રૂપાલા અને ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણી સાથે અમરેલી જિલ્લાનાં વિકાસની રૂપરેખાઓ લઈને જિલ્લાને નવી ઉંચાઈ પર લઈ જવાની નેમ સાથે વિધાનસભાનાં નાયબ મુખ્યદંડક અને અમરેલીના ધારાસભ્ય કૌશીકભાઈ વેકરીયા, સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, રાજુલાના ધારાસભ્ય હિરાભાઈ સોલંકી, ધારીનાં ધારાસભ્ય જે.વી. કાકડીયા, લાઠીનાં ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ સતત બે દિવસથી દિલ્હી દરબારમાં ધામા નાખીને અમરેલીનાં વિવિધ પ્રશ્નો બાબતે કેન્દ્રીય નેતાઓને મળી રહયો છે. તેમ સત્વ અટલધારા કાર્યાલયનાં ઈન્ચાર્જ જે.પી. હિરપરાની અખબારી યાદીમાં જણાવ્યું હતું.

## ખાંભા તાલુકાના જામકા ગામે બે સગા ભાઈઓના પરિવાર વચ્ચે માથાકૂટ

અમરેલી, તા.૩૦

ખાંભા તાલુકાના જામકા ગામે રહેતા મંગાભાઈ આપાાઈ સરવૈયા તથા આરોપી નથુભાઈ આપાભાઈ સરવૈયા બંને સગા ભાઈઓ થતા હોય અને મંગાભાઈના દિકરાની પત્નિ જાનવીબેન સાથે આરોપીના દિકરાએ બોલાચાલી કરેલ હોય જેથી તે પોલીસ સ્ટેશને ફરિયાદ કરવા ગયેલ તે વાતનું મનદૂ:ખ રાખી મણીબેન નથુભાઈ સરવૈયા સહિત બંને આરોપીઓએ ઘર સામે રસ્તામાં આવી પોતાના ભાઈ સહિતનાનો ગાળો આપી જમણા પગે તથા કેડનાં ભાગે છુટા પથ્થરના ઘા મારી મુંઢ ઈજાઓ કરેલ આ વખતે દાનાભાઈ વચ્ચે પડતા તેને પણ આરોપીઓએ મુંઢ માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

આ જ બનાવમાં સામાપક્ષે નથુભાઈ આપાભાઈ સરવૈયા નામના ૬૦ વૃધ્ધે પણ પોતાના ભાઈ મંગાભાઈ આપાભાઈ સરવૈયા, દાનાભાઈ આપાભાઈ સરવૈયા તથા લાલાભાઈ મંગાભાઈ સરવૈયા સામે અગાઉ ખેતર બાબતે બોલાચાલી કરેલ હોય જેનુ મનદૂ:ખ રાખી ગાળો શરીરે તથા બંને હાથમાં, વાસાના ભાગે બડીયા વડે માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની સામી ફરિયાદ નોંધાય છે.







### છેલ્લા અઠવાડીયાથી અરજદારો આમથી તેમ ભટકી રહ્યા છે

# લ્યો બોલો : મોટી કુંકાવાવમાં અકળ કારણસર આધારકાર્ડ સેન્ટરને અલીગઢી તાળા લાગ્યા

### રેશનકાર્ડની કેવાયસીની કામગીરી વેળા જ સેવા બંધ

કુંકાવાવ, તા. ૩૦

કુંકાવાવમાં રાજીવ ગાંધી હોલ ખાતે આવેલ આધારકાર્ડ સેન્ટરમાં છેલ્લા આઠ દિવસથી તાળા લાગ્યા છે. જાણવા મળતી વિગત યુજ ઓપરેટરને પગાર નહી મળતા કામ બંધ કરેલઈ ત્યારે વડીયા મામલતદાર કચેરી દ્વારા બીજા ઓપરેટરની વ્યવસ્થા એજન્સી પાસેથી કરીને આધારકાર્ડ સેન્ટર ચાલુ કરા લોકો માંગ કરી રહ્યા છે. ત્યારે શહેરમાં આવેલી પોસ્ટ ઓફિસમાં બપોરના ૨:૩૦ થી ૪:૦૦ વાગ્યા સુધી કામગીરી કરવામાં આવે છે. તેમની પાસે પણ સ્ટાફ નથી જયારે આઈ.સી.ડી.એસ કચેરી ખાતે આધારકાર્ડની કામગીરી કરવામાં આવે છે. પણ તે ફેરવીને ગામના છેડે ભાડે રાખવામાં આવેલી જગ્યામાં કાર્યરત છે. જેની લોકો જડતી પણ નથી અને બહુ જ દુર હોય જેના મહિલએ વૃધ્ધીને માટે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ત્યારે તંત્ર દ્વારા હાલના સમયે રેશનકાર્ડની કેવાયસીની કામગીરીમાં આધારકાર્ડ મોબાઈલ લીંક કરવાના અનેક લોકોને બાકી હોય જેથી લોકો આમ તેમ આધારકાર્ડને લઈને અટકી રહ્યા છે. ત્યારે જાહેર હિતમાં તાત્કાલીક બંધ થયેલ આધારકાર્ડ સેન્ટર ચાલુ કરવામાં આવે તેવી લોકો માંગ કરી રહ્યા છે.



તસ્વીર : રાજુ યાદવ-કુંકાવાવ















### બહેનો દ્વારા ઉત્પાદિત ચીજ વસ્તુઓના સ્ટોલ્સ ઉભા કરાશે

# ગુજરાતના ૨૮ હજાર સ્વ-સહાય જૂથની ૩ લાખ મહિલાઓને ૩૫૦ કરોડની સહાય અપાશે

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ રાજ્યની આવી સફળ ગ્રામીણ મહિલાશક્તિ સાથે સંવાદ કરીને તેમની સમસ્યાઓ પણ જાણશે તથા તેને દૂર કરવા માટેનું માર્ગદર્શન પૂરું પાડશે

ગાંધીનગર, તા.૩૦

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ રાજ્યના ગ્રામીણ ક્ષેત્રોના સ્વ-સહાય જૂથ, સેલ્ફ હેલ્પ ગ્રુપની નારીશક્તિ સાથે આવતીકાલે ૩૧ જુલાઈએ ''સખી સંવાદ'' અંતર્ગત પ્રત્યક્ષ સંવાદનો સેતુ ગાંધીનગરના મહાત્મા મંદિરમાં આયોજિત કાર્યક્રમથી સાધશે.રાજ્યભરના આવા ૨૮ હજારથી વધુ સ્વ-સહાય જૂથની સભ્ય એવી ગ્રામીણ નારીશક્તિને કુલ ૩૫૦ કરોડ રૂપિયાના લાભ વિતરણ કરવા સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આ ગ્રામીણ નારીશક્તિ સાથે વાતચીત પણ કરવાના છે.રાજ્ય સરકારે ગુજરાત લાઈવલી હૂડ પ્રમોશન કંપનીની સ્થાપના કરીને આવી બહેનોના સ્વ-સહાય જૂથોને રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન થકી રિવોલ્વિંગ ફંડ, કોમ્યુનિટી ઈન્વેસ્ટમેન્ટ ફંડ અને કેશ ક્રેડિટ તથા ટ્રેનીંગ અને કેપેસિટી બિલ્ડીંગની સુવિધા ઉપલબ્ધ કરાવી સફળતાનો રાહ ચિંધ્યો છે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ રાજ્યની આવી સફળ ગ્રામીણ મહિલાશક્તિ સાથે સંવાદ કરીને તેમની સમસ્યાઓ પણ જાણશે તથા તેને દૂર કરવા માટેનું માર્ગદર્શન પૂરું પાડશે.સ્વ-સહાય જૂથોની બહેનોને આજીવિકાલક્ષી પ્રવૃત્તિઓ સાથે જોડીને તેમને આર્થિક રીતે પગભર બનાવવા રાજ્ય સરકારે અનેક આયામો હાથ ધર્યા છે. સખી સંવાદ''ના આ અભિનવ પ્રયોગમાં સહભાગી થનારી ૩૩ જિલ્લાઓની બહેનો દ્વારા ઉત્પાદિત ચીજ વસ્તુઓના સ્ટોલ્સ પણ આ ''સખી સંવાદ'' કાર્યક્રમ સ્થળે રાખવામાં આવ્યા છે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે આ કાર્યક્રમમાં મંત્રી રાઘવજીભાઈ પટેલ, રાજ્યમંત્રી કુંવરજીભાઈ હળપતિ તેમજ ગાંધીનગર જિલ્લાના ધારાસભ્યો, ગાંધીનગરના મેયર, જિલ્લા પંચાયત પ્રમુખ અને મુખ્ય સચિવ રાજકુમાર ખાસ ઉપસ્થિત રહેવાના છે.

### મિક્સ્ડ ડબલ્સ શૂટિંગમાં બ્રોન્ઝ જીત્યો

# મનુ એક ઓલિમ્પિકમાં બે મેડલ જીતનાર પ્રથમ ભારતીય બની

### વધુ એક બ્રોન્ઝ મેડલ જીતીને, મનુ એક જ ઓલિમ્પિક ગેમ્સમાં બે મેડલ જીતનારી સ્વતંત્ર ભારતની પ્રથમ એથ્લેટ બની છે

પેરિસ, તા.૩૦

ભારતની સ્ટાર શૂટર મનુ ભાકરે પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪માં ઈતિહાસ રચ્યો છે. તે ઓલિમ્પિકમાં બે મેડલ જીતનારી દેશની પ્રથમ મહિલા શૂટર બની ગઈ છે. તેણે અગાઉ મહિલાઓની વ્યક્તિગત ૧૦ મીટર એર પિસ્તોલની ફાઈનલમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. હવે મનુએ આજે મંગળવારે સરબજોત સિંહ સાથે મિક્સ્ડ ટીમ ૧૦ મીટર એર પિસ્તોલ ફાઈનલમાં ભારત માટે વધુ એક બ્રોન્ઝ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો છે. વધુ એક બ્રોન્ઝ મેડલ જીતીને, મનુ એક જ ઓલિમ્પિક ગેમ્સમાં બે મેડલ જીતનારી સ્વતંત્ર ભારતની પ્રથમ એથ્લેટ બની છે. મનુ પહેલા નોર્મન પ્રિચાર્ડે ૧૯૦૦ની ગેમ્સ દરમિયાન એથ્લેટિક્સમાં બે સિલ્વર મેડલ જીત્યા હતા. ત્યારે ભારત બ્રિટિશ શાસન હેઠળ હતું. પ્રિચાર્ડ પછી, કોઈપણ ભારતીય એથ્લેટ એક જ ઓલિમ્પિકમાં બે મેડલ જીતવામાં સફળ રહ્યો ન હતો. જોકે, કેટલાક ભારતીય એથ્લેટ્સ એવા છે જેમણે પોતાની કારકિર્દીમાં ઓલિમ્પિક ગેમ્સમાં કુલ બે મેડલ જીત્યા છે. જેમાં સુશીલ કુમાર (કુસ્તી) અને પીવી સિંધુ (બેડમિન્ટન)નો સમાવેશ થાય છે. સુશીલે લંડન ૨૦૧૨માં સિલ્વર મેડલ જીત્યા પહેલા બેઈજિંગ ૨૦૦૮ ગેમ્સમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. આમ કરવાથી, તે બે અલગ-અલગ ઓલિમ્પિકમાં એકથી વધુ મેડલ જીતનાર આઝાદી પછી ભારતનો પ્રથમ વ્યક્તિગત રમતવીર બન્યો હતો.

### મંગલમ ઓર્ગેનિક્સ સામે કોપીરાઈટ ઉલ્લંઘનનો આરોપ

# બોમ્બે હાઈકોર્ટે પતંજલિ આયુર્વેદ પર ૪ કરોડ રૂપિયાનો દંડ ફટકાર્યો

### કોર્ટના વચગાળાના આદેશનું ઉલ્લંઘન કરવા બદલ પતંજલિ પર આ દંડ લગાવવામાં આવ્યો

નવી દિલ્હી, તા.૩૦

બોમ્બે હાઈકોર્ટે યોગ ગુરુ બાબા રામદેવની પતંજલિ આયુર્વેદ પર ૪ કરોડ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. કોર્ટના વચગાળાના આદેશનું ઉલ્લંઘન કરવા બદલ પતંજલિ પર આ દંડ લગાવવામાં આવ્યો છે. આ વચગાળાના આદેશમાં કોર્ટે પતંજલિને તેના કપૂર ઉત્પાદનો ન વેચવા કહ્યું હતું.બોમ્બે હાઈકોર્ટના જસ્ટિસ આરઆઈ ચાગલાની બેન્ચે કહ્યું કે પતંજલિએ જાણી જોઈને કોર્ટના આદેશનું ઉલ્લંઘન કર્યું છે. બેન્ચે કહ્યું કે તેમાં કોઈ શંકા નથી કે પતંજલિ કોર્ટના આદેશનું ઉલ્લંઘન કરવાનો ઈરાદો ધરાવે છે.ગત વર્ષે હાઈકોર્ટે વચગાળાનો આદેશ જારી કરીને પતંજલિને કપૂરમાંથી બનાવેલા ઉત્પાદનોના વેચાણ પર રોક લગાવવા જણાવ્યું હતું. દરમિયાન મંગલમ ઓર્ગેનિક્સ લિમિટેડે પતંજલિ પર કોર્ટના આદેશનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવતી અરજી દાખલ કરી હતી.સુનાવણી દરમિયાન પતંજલિએ કોર્ટમાં બિનશરતી માફી માંગી હતી. જો કે કોર્ટે કહ્યું કે પતંજલિ ખૂબ જ અમીર કંપની છે અને તેને ડર્યા વગર રહેવા દેવાય નહીં. કોર્ટે કહ્યું કે આદેશ જારી કરવા છતાં પતંજલિ ન માત્ર ઉત્પાદનનું વેચાણ કરી રહી છે પરંતુ તેનું ઉત્પાદન પણ કરી રહી છે.હાઈકોર્ટે પતંજલિને બે અઠવાડિયામાં ૪ કરોડ રૂપિયા જમા કરાવવાનો આદેશ આપ્યો છે. આ મહિનાની શરૂઆતમાં કોર્ટે પતંજલિને ૫૦ લાખ રૂપિયા જમા કરાવવા કહ્યું હતું. એટલે કે પતંજલિ પર એકંદરે ૪.૫ કરોડ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે.ઓગસ્ટ ૨૦૨૩માં, બોમ્બે હાઈકોર્ટે પતંજલિને કપૂરમાંથી બનાવેલા ઉત્પાદનોના વેચાણ અને જાહેરાત પર પ્રતિબંધ મૂકતો વચગાળાનો આદેશ જારી કર્યો હતો. મંગલમ ઓર્ગેનિક્સની અરજી પર આ આદેશ જારી કરવામાં આવ્યો છે.મંગલમ ઓર્ગેનિક્સ સામે કોપીરાઈટ ઉલ્લંઘનનો આરોપ લગાવીને કેસ દાખલ કરવામાં આવ્યો હતો. મંગલમે બાદમાં અરજી દાખલ કરીને દાવો કર્યો હતો કે વચગાળાના આદેશ છતાં પતંજલિ કપૂરના ઉત્પાદનો વેચી રહી છે.

આ કેસની સુનાવણી દરમિયાન પતંજલિએ કોર્ટને કહ્યું હતું કે ૨૪ જૂન સુધી ૪૯.૫૭ લાખ રૂપિયાથી વધુના ઉત્પાદનોનું વેચાણ થયું હતું.જો કે જૂનમાં પતંજલિના ડાયરેક્ટર રજનીશ મિશ્રાએ કોર્ટમાં બિનશરતી માફી માંગી હતી. સોમવારે કોર્ટે કહ્યું કે મિશ્રાને જેલની સજા આપવાનો મામલો હોવા છતાં કોર્ટ આવો આદેશ આપવાનું ટાળી રહી છે કારણ કે તેમની વ્યક્તિગત સ્વતંત્રતા જોખમમાં છે. કોર્ટે કહ્યું કે જો ૪ કરોડ રૂપિયાની રકમ બે અઠવાડિયામાં જમા કરવામાં નહીં આવે તો મિશ્રાને તાત્કાલિક કસ્ટડીમાં લેવામાં આવશે.

### ઘટનાસ્થળે રાહત અને બચાવ કામગીરી હાથ ધરવામાં આવી

# હાવડા-બોમ્બે એક્સપ્રેસ પાટા પરથી ઉતરી ગઈ, બે મુસાફરોના મોત

### રેલવેના જણાવ્યા અનુસાર આ અકસ્માતમાં અત્યાર સુધીમાં ૬ લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે

નવી દિલ્હી, તા.૩૦

બોમ્બે-હાવડા એક્સપ્રેસ ઝારખંડમાં અકસ્માતનો શિકાર બની છે. આ અકસ્માત પોટોબેડા (સેરાઈકેલા ખારસાવન જિલ્લો)માં થયો હતો. બોમ્બે હાવડા મેલ અને માલગાડી વચ્ચે અકસ્માત થયો હોવાના અહેવાલ છે. આ અકસ્માત મંગળવારે સવારે થયો હતો. રેલવેની અકસ્માત રાહત ટ્રેન ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. રેલવે બોર્ડ તરફથી મળેલી માહિતી મુજબ ચક્રધરપુર ડિવિઝનના એડીઆરએમ પણ ત્યાં પહોંચી ગયા છે. રેલવેના જણાવ્યા અનુસાર આ અકસ્માતમાં અત્યાર સુધીમાં ૬ લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે. જ્યારે બે લોકોના મોત થયા છે. ટ્રેન નંબર ૧૨૮૧૦ હાવરા-સીએસએમટી એક્સપ્રેસ સવારે ૩:૪૫ વાગ્યે ચક્રધરપુર ડિવિઝનમાં રાજખારસ્વન વેસ્ટ આઉટર અને બારાબામ્બુ વચ્ચે ચક્રધરપુર નજીક પાટા પરથી ઉતરી ગઈ હતી. અત્યાર સુધીમાં બે લોકોએ જીવ ગુમાવ્યા છે. સ્થાનિક અને રેલવે તંત્ર દ્વારા રેસ્ક્યુ કામગીરી હાથ ધરવામાં આવી છે. ઝારખંડ ટ્રેન પાટા પરથી ઉતરી હોવાની ઘટનામાં ૮૦ ટકા મુસાફરોને બસ દ્વારા ચકરધરપુર સ્ટેશન પર ખસેડવામાં આવ્યા હતા. બાકીના મુસાફરોને બહાર કાઢવા માટે એક રેસ્ક્યુ ટ્રેન પણ સ્થળ પર પહોંચી હતી. મુસાફરો સીકેપી રેલ્વે સ્ટેશન (ચકરધરપુર) પર પહોંચ્યા તેવું ભારતીય રેલવે દ્વારા માહિતી આપવામાં આવી છે. મુંબઈ હાવડા મેલના B4 કોચમાં મુસાફરી કરી રહેલા એક મુસાફરનું મોત થયું છે. B4 કોચમાં વધુ એક મુસાફર ફસાયા હોવાના અહેવાલ છે અને તેને બચાવવાની કામગીરી ચાલી રહી છેઃ માહિતી અને જનસંપર્ક વિભાગ, ઝારખંડ એવું કહેવાય છે કે હાવડાથી મુંબઈ જઈ રહેલી મેલ એક્સપ્રેસ ટ્રેનના પાંચ ડબ્બા મંગળવારે વહેલી સવારે કિલોમીટર નંબર ૨૯૮/૨૧ નજીક પાટા પરથી ઉતરી ગયા હતા. ઘટનાની માહિતી મળતાં જ ચક્રધરપુર રેલવે ડિવિઝન હેડક્વાર્ટરમાં ખળભળાટ મચી ગયો હતો. રેલવેનું હૂટર સતત પાંચ વખત વગાડવામાં આવ્યું હતું. આ અકસ્માતમાં ઘાયલ થયેલા મુસાફરોને ચક્રધરપુર રેલ્વે હોસ્પિટલ અને ખારસાવાનના સામુદાયિક આરોગ્ય કેન્દ્રમાં લઈ જવામાં આવ્યા હોવાના અહેવાલ મળ્યા છે.

### જળનું સ્તર ઊંચું લાવવા ખાસ મિશન મોડ પર કાર્ય

# ભૂગર્ભ જળ ઊંચા લાવવા ૧૦ હજાર જેટલા બંધ ખાનગી ટ્યુબવેલ રીચાર્જ કરાશે

### ભૂજળમાં સુધારો કરીને વીજ વપરાશમાં ઘટાડો કરી શકાય

ગાંધીનગર, તા.૩૦

રાજ્યભરમાં દર વર્ષે 'સુજલામ-સુફલામ જળ' અભિયાન થકી ભૂગર્ભ જળનું સ્તર ઊંચું લાવવા ખાસ મિશન મોડ પર કાર્ય થઇ રહ્યું છે. આ મિશનને વધુ વેગ આપવા તેમજ ભૂગર્ભ જળ વધુ ઊંચા લાવવાના હેતુથી રાજ્યમાં બંધ-બિન ઉપયોગી અંદાજે ૧૦,૦૦૦ ખાનગી ટ્યુબવેલને વરસાદી પાણીથી રીચાર્જ કરવા ૧૫૦ કરોડની મહત્વ 'ભૂગર્ભ જળ રીચાર્જ' યોજનાને મંજૂરી આપવામાં આવી છે. રાજ્યમાં ભૂગર્ભ જળ સ્તર ઊંચા આવવાથી વીજ વપરાશ ઘટવાની સાથે ખેડૂતોની આવકમાં પણ વધારો થશે.

જળ સંપત્તિ મંત્રી કુંવરજીભાઈએ યોજનાની વધુ વિગતો આપતા કહ્યું હતું કે, રાજ્યમાં ભૂગર્ભ જળના ઊંડા તળને વરસાદના પાણીથી ઊંચા લાવવા બંધ પડેલા બોરને રિચાર્જ કરવાનો ખેડૂતોના હિતમાં રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય કર્યો છે. આ યોજના મુજબ રાજ્ય સરકાર આશરે ૧૦,૦૦૦ જેટલા બંધ ખાનગી ટ્યુબવેલ/બોર રીચાર્જ કરવાનું લક્ષ્યાંક ધરાવે છે. આ બંધ ટ્યુબવેલ/ બોર રીચાર્જ માટે ૯૦:૧૦ના ધોરણે એટલે કે ૯૦ ટકા ફાળો-ખર્ચ રાજ્ય સરકાર આપશે જયારે ૧૦ ટકા ફાળો લોક ભાગીદારીથી આપવાનો રહેશે.

જળ સંપત્તિ રાજ્ય મંત્રી મુકેશ પટેલે કહ્યું હતું કે, રાજ્યમાં આવેલી કુલ ૧૮૫ નદીઓ પૈકી ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં આવેલી નદીઓ મોટાભાગે ચોમાસા દરમિયાન જ વહેતી જોવા મળે છે. જેથી આ વિસ્તારમાં ભૂગર્ભ જળ પર આધારિત સિંચાઈ થાય છે. રાજ્યમાં ઉપલબ્ધ કુલ જળ પૈકી આશરે ૩૯ % ભૂગર્ભ જળ છે જેનાથી ૫૭% જેટલા વિસ્તારમાં સિચાઈ થાય છે. કુલ ભૂગર્ભ જળ પૈકી ૮૦% ઉપયોગ સિંચાઈ માટે કરવામાં આવે છે. સિંચાઈ સહિત વિવિધ ઉપયોગ માટે ભૂગર્ભ જળનું ખેંચાણ રીચાર્જ કરતા વધુ હોવાને ભૂગર્ભ જળનો આવરો પણ ઘટી રહ્યો છે. આ કારણે ટ્યુબવેલની ક્ષમતા ઘટે છે અને ટ્યુબવેલમાંથી પાણી ખેંચવા માટે વીજ વપરાશ-ખેડૂતોનો નાણાકીય ખર્ચ પણ વધે છે.

જળ સંપત્તિ રાજ્ય મંત્રી મુકેશ પટેલે જણાવ્યું હતું કે, સામાન્ય રીતે વરસાદનું પાણી ઉપરના જલભરમાં સંગ્રહ કરી શકાય છે. જમીનમાં અમુક ઊંડાઈ પછી ચીકણી માટીનું પડ આવે છે જેથી વરસાદનું પાણી સહેલાઈથી તેની નીચે ઉતરી શકતું નથી. જો આ ઉંડાઈના જલભરમાં વરસાદી પાણી ઉતારવું હોય તો ઠેર ઠેર રિચાર્જ ટ્યુબવેલ બનાવવા પડે. પરંતુ હાલમાં નવા ટ્યુબવેલ બનાવવા ખૂબ જ ખર્ચાળ બની જાય છે. જેના બદલે સિંચાઈના હેતુ માટે ખેડૂતો મારફતે વ્યાપક પ્રમાણમાં બનાવવામાં આવેલા બોર કે જે સમય જતા પાણી સુકાઈ જવાના કારણે બોર બંધ અને બીન ઉપયોગી થયા છે.

આવા બંધ પડેલા હાલના તબક્કે બિનઉપયોગી બોરને વરસાદના પાણીથી રીચાર્જ કરવામાં આવે તો સુકાયેલા ભૂગર્ભ જળના તળ પુનઃજીવિત થઈ શકે તેમજ સતત ઉંડા જતા ભૂજળમાં સુધારો કરીને વીજ વપરાશમાં ઘટાડો કરી શકાય.

### કર્ણાટકના CM સિદ્ધારમૈયાએ કેમ કરી આવી માંગ?

# PM મોદીએ નિર્મલા સીતારમણને કેબિનેટમાંથી હટાવવા જોઈએ...'

### તેમણે કહ્યું કે જે નાણામંત્રીને બજેટની મૂળભૂત સમજ નથી તે ખૂબ જ ખતરનાક સાબિત થઈ શકે છે

કર્ણાટક, તા.૩૦

કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણને કેબિનેટમાંથી હટાવવાની માંગ કરી છે. તેમણે કહ્યું કે જે નાણામંત્રીને બજેટની મૂળભૂત સમજ નથી તે ખૂબ જ ખતરનાક સાબિત થઈ શકે છે. સિદ્ધારમૈયાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સીતારમણને તાત્કાલિક કેબિનેટમાંથી હટાવવાની વિનંતી કરી છે. તેમણે કહ્યું કે સીતારામનને નાણામંત્રી તરીકે રાખવા ખૂબ જ ખતરનાક સાબિત થઈ શકે છે. પાયાની સમજ ન ધરાવતા મંત્રી પર વિશ્વાસ કરવો ખતરનાક બની શકે છે.સિદ્ધારમૈયાએ પ્રેસ કોન્ફરન્સ દરમિયાન નાણામંત્રીની ટીકા કરી હતી અને કહ્યું હતું કે તેમણે મોદી સરકાર દ્વારા કર્ણાટક સાથે કરવામાં આવેલા અન્યાયને છુપાવવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે કહ્યું કે નિર્મલા સીતારમણના ભ્રામક નિવેદનો દર્શાવે છે કે કેન્દ્ર સરકારે કર્ણાટકને ન્યૂનતમ સહાય પૂરી પાડી છે.સિદ્ધારમૈયાએ કહ્યું કે નિર્મલા સીતારમણના જણાવ્યા મુજબ, અગાઉની યુપીએ સરકારે (૨૦૦૪-૨૦૧૪) કર્ણાટકને ૬૦,૭૭૯ કરોડ રૂપિયા આપ્યા હતા, જ્યારે NDA સરકારે (૨૦૨૪-૨૦૨૪) ૨,૩૬,૯૫૫ કરોડ રૂપિયા આપ્યા હતા. જો કે, તે જણાવવાનું ભૂલી ગયા કે છેલ્લા દસ વર્ષમાં કેન્દ્ર સરકારનું બજેટ કેટલું વધ્યું છે. આવી સ્થિતિમાં સવાલ એ ઊભો થયો છે કે આવું અજ્ઞાનતાના કારણે થયું છે કે પછી જાણી જોઈને લોકોને ગેરમાર્ગે દોરવા માટે.તમને જણાવી દઈએ કે ૨૦૧૩-૨૦૧૪માં કેન્દ્ર સરકારનું બજેટ ૧૬.૦૬ લાખ કરોડ રૂપિયા હતું. તે સમયે, સરકારે કર્ણાટક માટે રૂ. ૧૬,૪૨૮ કરોડ ફાળવ્યા હતા જ્યારે રૂ. ૧૫,૦૦૫ કરોડ ટેક્સ હિસ્સા તરીકે મળ્યા હતા, જે રૂ. ૩૧,૪૮૩ કરોડ હતા અને આ કુલ બજેટના ૧.૯ ટકા હતા.એ જ રીતે, ૨૦૨૪-૨૫માં કેન્દ્ર સરકારનું બજેટ ૪૮.૨૦ લાખ કરોડ રૂપિયા છે. આ સમયગાળા દરમિયાન, કર્ણાટકને અનુદાન તરીકે રૂ. ૧૫,૨૨૯ કરોડ અને ટેક્સ હિસ્સા તરીકે રૂ. ૪૪,૪૮૫ કરોડ મળશે, જે કુલ બજેટના ૧.૨ ટકા છે. જો કર્ણાટકને ૨૦૧૩-૧૪ની જેમ ૧.૯ ટકા હિસ્સો મળ્યો હોત તો રાજ્યને રૂ. ૯૧,૫૮૦ કરોડ મળ્યા હોત. નરેન્દ્ર મોદી સરકારના આ ભેદભાવપૂર્ણ વલણને કારણે કર્ણાટકને ૨૦૨૪-૨૦૨૫માં ૩૧,૮૬૬ કરોડ રૂપિયાનું નુકસાન થયું હતું.રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે નાણામંત્રી સીતારમણે કેન્દ્ર સરકાર તરફથી કર્ણાટકના ટેક્સ હિસ્સામાં વધારો કરવાનો દાવો કરતા ભ્રામક નિવેદનો આપ્યા છે. તેમના જણાવ્યા મુજબ, કર્ણાટકને યુપીએ સરકાર દરમિયાન રૂ. ૮૧,૭૯૧ કરોડ અને એનડીએ સરકાર (૨૦૧૪-૨૦૨૪) દરમિયાન રૂ. ૨.૯ લાખ કરોડ મળ્યા હતા.

### નગરપાલિકા સાથે રાખી કમિટીની રચના કરવામાં આવી

# પોરબંદરમાં વરસાદી સમસ્યાઓ વચ્ચે યોજાશે પાંચ દિવસ જન્માષ્ટમીનો મેળો

### તારીખ ૨૫ ઓગસ્ટથી તારીખ ૨૯ ઓગસ્ટ સુધી જન્માષ્ટમી લોકમેળાનું આયોજન

પોરબંદર, તા.૩૦

જન્માષ્ટમી નજીક આવી રહી છે. ત્યારે પોરબંદર પ્રાંત અધિકારીના અધ્યક્ષ સ્થાને જન્માષ્ટમી મેળા અંગે મીટીંગ યોજાઈ હતી. પોરબંદર છાયા સંયુકત નગરપાલિકા સાથે રાખી કમિટીની રચના કરવામાં આવી છે. જેમાં ગાંધીજીની જન્મભૂમિ પોરબંદર ચોપાટી મેદાન ખાતે આગામી તારીખ ૨૫ ઓગસ્ટથી તારીખ ૨૯ ઓગસ્ટ સુધી પાંચ દિવસ જન્માષ્ટમી લોકમેળાનું આયોજન અંગે જાહેર કરવામાં આવ્યું છે.હાલ ચોમાસાની ઋતુ ચાલી રહી છે. ત્યારે ગત તારીખ ૧૮ જુલાઈથી ૨૫ જુલાઈ સુધી પોરબંદર શહેરમાં વરસાદે કહેર વર્તવ્ય હતો. અંદાજિત ૪૦ ઈંચ જેટલો વરસાદ અત્યાર સુધીમાં પોરબંદરમાં પડ્યો છે. ત્યારે અનેક વિસ્તારોમાં પાણી ઘૂસ્યા હતા. અને અનેક પરિવારોની પરિસ્થિતિ ખૂબ જ મુશ્કેલીમાં છે. માંડ માંડ આ પરિસ્થિતિમાંથી બહાર આવે ત્યારે પોરબંદર જિલ્લા કલેકટરના માર્ગદર્શન હેઠળ પ્રાંત અધિકારીના અધ્યક્ષતામાં એક મીટીંગ યોજાઈ હતી જેમાં આગામી તારીખ ૨૫ ઓગસ્ટથી તારીખ ૨૯ ઓગસ્ટ સુધી પાંચ દિવસ જન્માષ્ટમી લોકમેળાનું આયોજન જાહેર કરવામાં આવ્યું છે. ચોપાટી ગ્રાઉન્ડ ખાતે આ યોજાના છે ત્યારે મેળા કમિટીમાં પોરબંદર છાયા સંયુકત નગરપાલિકાના પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહી લોકોને ભારે હાલાકી ન થાય અને શાંતિથી મેળો માણી શકે તે માટે યોગ્ય નિર્ણય કરવામાં આવશે.

પ્રાંત અધિકારી સંદીપ જાદવના જણાવ્યા અનુસાર, જિલ્લા કલેકટર કેડી લાખાણી ના માર્ગદર્શન હેઠળ પ્રાંત અધિકારીને જવાબદારી સોંપવામાં આવી છે અને પ્રાંત અધિકારીની અધ્યક્ષતા હેઠળ એક કમિટી રચવામાં આવી છે જે મેળાનું સંપૂર્ણ સંચાલન કરશે અને આ મેળામાં રાજકોટની આગની ઘટનાને ધ્યાને લઈ સેફટી સિક્યુરિટી અને લોએન ઓર્ડરનું ખાસ ધ્યાન રાખવામાં આવશે આ ઉપરાંત વધુ ભીડ ના થાય તે માટે સ્ટોલની સંખ્યામાં પણ ઘટાડો કરવામાં આવી રહ્યો છે અને રસ્તાઓની પહોળાઈ ૫૦ થી ૧૦૦ ફૂટ રાખવામાં આવશે આ ઉપરાંત ઈમરજન્સી એક્ઝિટની પણ વ્યવસ્થા કરવામાં આવશે અને આખા ગ્રાઉન્ડમાં છ ગેટ છે જે લોકોની અવરજવર માટે તૂટતા છે આ ઉપરાંત ફાયર સેફટી માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવશે જ્યાં જ્યાં સ્ટોલ હોય છે ત્યાં આગ લાગવાની સંભાવના વધુ હોય છે ત્યારે ત્યાં ફાયર સેફટી સાધનો ઉપલબ્ધ રાખવામાં આવશે આ ઉપરાંત ફાઈનલ મેપ તૈયાર થઈ ગયા બાદ સ્ટોલ અને ચગડોળ ની હરાજી ની તૈયારી શરૂ કરવામાં આવશે. એક તરફ પોરબંદરમાં વરસાદે કહેર વરસાવ્યો છે. અનેક વિસ્તારોના ઘરોમાં હજુ સુધી પણ પાણી ભરાયા છે ત્યારે અનેક સામાન્ય પરિવારોની હાલત ખરાબ છે અને આર્થિક રીતે પણ નુકસાની થઈ રહ્યું છે. આવા સમયે મેળાનું આયોજન કરવું તે ઉચિત ન ગણતા અનેક લોકોએ પાર્ષનો કર્યા છે. સોશિયલ મીડિયામાં પણ મેળો રદ કરવા અને મેળાનું આયોજન ન કરવાના સૂચનો કરવામાં આવી રહ્યા છે. છતાં આ મેળાનું આયોજન થઈ રહ્યું છે ત્યારે હવે આ મેળો કયા પ્રકારે થશે તેને લઈને લોકોમાં અનેક ચર્ચા થઈ રહી છે.

# અમદાવાદ અને ઓખા વચ્ચે દોડશે "જન્માષ્ટમી સ્પેશિયલ ટ્રેન"

અમદાવાદ, તા.૩૦

પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની સુવિધા અને જન્માષ્ટમી તહેવારને ધ્યાનમાં રાખીને અમદાવાદ અને ઓખા વચ્ચે જન્માષ્ટમી ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન વિશેષ ભાડા પર ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

પશ્ચિમ રેલવે વિભાગ દ્વારા આપેલ માહિતી અનુસાર ટ્રેન નંબર ૦૯૪૫૩/૦૯૪૫૪ અમદાવાદ-ઓખા સુપરફાસ્ટ સ્પેશિયલ કુલ ૨ ટ્રિપમાં દોડશે. જેમાં ટ્રેન નંબર ૦૯૪૫૩ અમદાવાદ-ઓખા સ્પેશિયલ ૨૫ ઓગસ્ટ, ૨૦૨૪ રવિવારના રોજ અમદાવાદથી સવારે ૦૭:૪૫ કલાકે ઉપડશે તથા એ જ દિવસે સાંજે ૫:૦૦ કલાકે ઓખા પહોંચશે.

આ રીતે ટ્રેન નંબર ૦૯૪૫૪ ઓખા-અમદાવાદ સ્પેશિયલ ૨૬ ઓગસ્ટ, ૨૦૨૪ સોમવારના રોજ ઓખાથી સવારે ૦૫:૩૦ કલાકે ઉપડશે તથા એ જ દિવસે બપોરે ૧:૦૦ કલાકે અમદાવાદ પહોંચશે. માર્ગમાં બંને દિશાઓમાં આ ટ્રેન ચાંદલોડિયા, વિરમગામ, સુરેન્દ્રનગર, થાન, વાંકાનેર, રાજકોટ, હાપા, જામનગર, ખંભાળીયા અને દ્વારકા સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં સ્લીપર અને જનરલ શ્રેણીના કોચ હશે. બુકિંગ કેવી રીતે કરશો : જન્માષ્ટમી સ્પેશિયલ ટ્રેન નંબર ૦૯૪૫૩/૦૯૪૫૪ માટે બુકિંગ તારીખ ૩૧ જુલાઈ, ૨૦૨૪ થી તમામ PRS કાઉન્ટરો અને of IRCTC વેબસાઈટ પર શરૂ થશે.

### કેરળના વાયાનાડમાં મોટી દુર્ઘટના બની

# કેરળના વાયનાડમાં ભારે વરસાદના કારણે ભૂસ્ખલન, ૪૦૦ જેટલા લોકો ફસાયા

## બચાવ અભિયાનમાં મદદ માટે કન્નુર રક્ષા સુરક્ષા કોરની બે ટીમોને પણ વાયનાડ રવાના કરી દેવાઈ છે આ ઉપરાંત ભારતીય વાયુસેનાના બે હેલિકોપ્ટર Mi-17 અને ALH સુલુરને રવાના કરાયું છે

કેરળ, તા.૩૦

કેરળના વાયાનાડમાં મોટી દુર્ઘટના બની છે. વાયાનાડ જિલ્લાના મેપ્પડી પાસે ભારે વરસાદને કારણે પહાડી વિસ્તારમાં મંગળવારે ભૂસ્ખલન થયું હતું. અધિકારીઓએ સેંકડો લોકોના માટીના કાટમાળ નીચે દબાયા હોવાની આશંકા વ્યક્ત કરી છે. અત્યાર સુધી ૪૭ લોકોના મોતની પુષ્ટિ કરવામાં આવી છે. અધિકારીઓએ જણાવ્યું કે, આ ભયાનક ભૂસ્ખલનમાં હજી પણ ૪૦૦ લોકો લાપતા છે. તો મુંડક્કઈ, ચૂરલમાલા, અટ્ટામાલા અને નુલપુઝા ગામ આ ભૂસ્ખલનથી પ્રભાવિત થયા છે.

કેરળ રાજ્યના આપદા નિવારણ વિભાગે જણાવ્યું કે, ફાયર બ્રિગેડ વિભાગ અને એનડીઆરએફની ટીમોને પ્રભાવિત વિસ્તારમાં તૈનાત કરવામા આવ્યા છે. બચાવ અભિયાનમાં મદદ માટે કન્નુર રક્ષા સુરક્ષા કોરની બે ટીમોને પણ વાયનાડ રવાના કરી દેવાઈ છે. આ ઉપરાંત ભારતીય વાયુસેનાના બે હેલિકોપ્ટર Mi-17 અને ALH સુલુરને રવાના કરાયું છે. ૨-૨ લાખ વળતરની જાહેરાતઃ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કેરળના મુખ્યમંત્રી પિનારાઈ વિજયન સાથે આ મુદ્દે વાત કરી હતી અને જીવ ગુમાવનારા પરિવારોને વળતર આપવાની જાહેરાત કરી છે. પીએમ મોદીએ ટ્વિટર પર લખ્યું કે, વાયનાડના કેટલાક ભાગોમાં ભૂસ્ખલનની ઘટનાથી હુ વ્યથિત છું. મારી સંવેદનાઓ એ તમામ લોકોની સાથે છે, જેઓએ પોતાના સ્વજન ગુમાવ્યા અને હું ઈજાગ્રસ્તો માટે પ્રાર્થના કરુ છું. પ્રભાવિત લોકોની સહાયતા માટે બચાવ અભિયાન હજી પણ ચાલી રહ્યું છે. કેરળના મુખ્યમંત્રી પિનારાઈ વિજયન સાથે મારી વાતચીત થઈ છે, અને હાલની સ્થિતિને ધ્યાનમાં રાખીને હું કેન્દ્ર તરફથી શક્ય એટલી તમામ મદદ પહોંચાડવાનું આશ્વાસન આપું છું. આ ઉપરાંત પ્રધાનમંત્રીએ ભૂસ્ખલનમા માર્યા ગયેલા તમામ લોકોના સ્વજનો માટે પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત કોષ માંથી ૨-૨ લાખના વળતરની જાહેરાત કરી છે, તેમજ ઈજાગ્રસ્તો માટે ૫૦-૫૦ હજાર રકમ આપવાની જાહેરાત કરાઈ છે.

વાયનાડના પૂર્વ સાંસદ અને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ટ્વિટ કરીને દુઃખ વ્યક્ત કર્યું છે. તેણે ટ્વીટર પર લખ્યું, 'વાયનાડમાં મેપ્પડી પાસે થયેલા મોટા ભૂસ્ખલનથી હું ખૂબ જ દુઃખી છું. મારી હૃદયપૂર્વકની સંવેદનાઓ શોકગ્રસ્ત પરિવારો સાથે છે જેમણે તેમના પ્રિયજનોને ગુમાવ્યા છે. હું આશા રાખું છું કે જે લોકો હજુ પણ ફસાયેલા છે તેઓને જલ્દી સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવશે. મેં કેરળના મુખ્યમંત્રી અને વાયનાડના જિલ્લા કલેક્ટર સાથે વાત કરી છે, જેમણે મને ખાતરી આપી છે કે બચાવ કામગીરી ચાલુ છે. મેં તેમને વિનંતી કરી છે કે તેઓ તમામ એજન્સીઓ સાથે સંકલન સુનિશ્ચિત કરે, કંટ્રોલ રૂમની સ્થાપના કરે અને રાહત પ્રયાસો માટે જરૂરી કોઈપણ સહાય વિશે અમને જણાવે. હું કેન્દ્રીય મંત્રીઓ સાથે વાત કરીશ અને તેમને વાયનાડને શક્ય તમામ સહાય પૂરી પાડવા વિનંતી કરીશ. હું તમામ કોંગ્રેસ કાર્યકરોને બચાવ અને રાહત કામગીરીમાં વહીવટીતંત્રને મદદ કરવા વિનંતી કરું છું.વાયનાડના મુંડક્કાઈ, ચુરામાલા, અટ્ટમાલા અને નૂલપુઝા ગામો ભૂસ્ખલનથી પ્રભાવિત થયા છે. આ દુર્ઘટનામાં ભૂસ્ખલનના કાટમાળ નીચે સેંકડો લોકો દટાયા હોવાની માહિતી અસરગ્રસ્ત વિસ્તારોના લોકોએ આપી છે. અધિકારીઓએ જણાવ્યું કે સતત ભારે વરસાદને કારણે બચાવ કામગીરીમાં અવરોધ આવી રહ્યો છે. અકસ્માત બાદ આરોગ્ય વિભાગ નેશનલ હેલ્થ મિશન દ્વારા કંટ્રોલ રૂમ ખોલવામાં આવ્યો છે અને ઈમરજન્સી સહાય માટે હેલ્પલાઈન નંબર ૯૬૫૬૯૩૮૬૮૯ અને ૮૦૮૬૦૧૦૮૩૩ જારી કરવામાં આવ્યા છે.

### સ્પાનમાં ગાબડાં પડતાં આખું તંત્ર દોડતું થઈ ગયું

# સુરતમાં મેટ્રો બ્રિજ બને તે પહેલા જ સ્પાન તૂટ્યો

## કડોદરા તરફ જતો આખો રૂટ ડાયવર્ટ કરી દેવામાં આવ્યો

સુરત, તા.૩૦

સારોલી કડોદરા રસ્તા પરના મેટ્રો બ્રિજના સ્પાનના બે ભાગ થયા હોવાની ઘટના બની છે. આ ઘટના બનતાં જ સારોલીથી કડોદરા તરફનો રસ્તો બંધ કરી દેવાયો છે. જેના કારણે ત્રણ કિલોમીટરનો લાંબો ટ્રાફિકજામ થયો છે. સ્પાનમાં ગાબડાં પડતાં આખું તંત્ર દોડતું થઈ ગયું છે. હાલમાં મેટ્રો ટ્રેન માટેની ચાલી રહેલી કામગીરી દરમિયાન મોટી દુર્ઘટના થતાં અટકી છે. સુરત મેટ્રોનું વર્ષ ૨૦૨૭માં ઉદ્‌ઘાટન થવાનું છે ત્યારે એ પહેલા બ્રિજમાં મોટી ખામી સામે આવી છે. ભેસાણ થી સારોલી મેટ્રો પ્રોજેક્ટ માટે ૧૮ કિમી એલિવેટેડ બ્રિજ બનાવવામાં આવી રહ્યો હતો.

આ અંગે ફાયર ઓફિસર ભુપેન્દ્રસિંહ રાજે મીડિયાને જણાવ્યું કે, અમારા ડિવિઝનલ ઓફિસર મોઢ સાહેબ પર કોલ આવ્યો હતો કે, મેટ્રો પ્રોજેક્ટનો સ્પાન તૂટી ગયો છે. જેથી ફાયર ફાઈટર સહિતના સ્ટાફને મોકલી દેવામાં આવ્યો હતો. પ્રોજેક્ટ મેનેજર સાથે વાત કરતા તેઓએ અમને જણાવ્યું હતું કે રાત્રે આ કામ કરવામાં આવશે અને આ સ્પાન ઉતારી લેવામાં આવશે. એ પડવાનો નથી અને તેને રાત્રે ઉતારી લેવામાં આવશે. સારોલી પોલીસ સ્ટેશનના પીઆઈ એસ.આર. વેકરીયાએ મીડિયાને જણાવ્યું હતું કે, મેટ્રોના અધિકારી દ્વારા અમને આ ઘટના અંગે જાણ કરવામાં આવી હતી. સુરતથી કડોદરા તરફ જતો આખો રૂટ પુણા તરફથી ડાયવર્ટ કરી દેવામાં આવ્યો છે.

આ અંગે ઘટનાસ્થળે દોડી આવેલા આમ આદમી પાર્ટીના કોર્પોરેટર સેજલ માલવિયાએ જણાવ્યું કે મેટ્રોની કામગીરીને લઈને હંમેશા પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે. કરોડો રૂપિયાના ખર્ચે તૈયાર થયેલો આ મેટ્રો પ્રોજેક્ટમાં ખૂબ મોટી ગંભીર ક્ષતિઓ સામે આવી છે. મેટ્રોનો જે આખો સ્પાન છે તે નમી ગયો છે અને ગમે ત્યારે તૂટી જાય તે પ્રકારની સ્થિતિ જોવા મળી રહી છે. ભાજપના શાસનમાં આ પ્રકારના ભ્રષ્ટાચાર સતત વધી રહ્યા છે અને તેના કારણે આવી ઘટનાઓ સામે આવી રહી છે.

### ઓગસ્ટના અંત સુધીમાં ભાજપને નવા અધ્યક્ષ મળી શકે

# રાહુલ ગાંધીના નિવેદન પર નિર્મલા સીતારમણે પકડી લીધું માથું

## ભાજપ પાર્ટી અધ્યક્ષ પદ માટે કેટલાક નામો પર વિચાર કરી રહી છે, જેમાંથી બે નેતા મહારાષ્ટ્રના હોઈ શકે છે

નવી દિલ્હી, તા.૩૦

જગત પ્રકાશ નડ્ડા પછી ભારતીય જનતા પાર્ટીની કમાન કોણ સંભાળશે? આ અંગે ચર્ચાઓ ચાલી રહી છે. આ દરમિયાન એવી અટકળો શરૂ થઈ છે કે મહારાષ્ટ્રમાંથી કોઈ નેતા પાર્ટીના ટોચના પદ પર કબજો કરી શકે છે. જોકે, આ અંગે સત્તાવાર રીતે કંઈ કહેવામાં આવ્યું નથી. વાસ્તવમાં શનિવારે મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચેની મુલાકાતે ચર્ચાઓને વેગ આપ્યો છે.

એવું કહેવામાં આવી રહ્યું છે કે ઓગસ્ટના અંત સુધીમાં ભાજપને નવા અધ્યક્ષ મળી શકે છે. ઈન્ડિયન એક્સપ્રેસના અહેવાલમાં સૂત્રોને ટાંકીને કહેવામાં આવ્યું છે કે પાર્ટી પાર્ટીના અધ્યક્ષ પદ માટે કેટલાક નામો પર વિચાર કરી રહી છે, જેમાંથી બે નેતાઓ મહારાષ્ટ્રના હોઈ શકે છે. આમાં ફડણવીસ ઉપરાંત પાર્ટીના મહાસચિવ વિનોદ તાવડેનું નામ સામેલ થઈ શકે છે. આ અંગે ભાજપ તરફથી સત્તાવાર રીતે કંઈ કહેવામાં આવ્યું નથી.

અહેવાલ મુજબ, સૂત્રોએ જણાવ્યું હતું કે, 'મોદી સાથે તેમની પત્ની અને પુત્રી સાથેની ફડણવીસની મુલાકાતે એવી ચર્ચાઓ વધારી છે કે ભાજપનું ટોચનું નેતૃત્વ ફડણવીસને આ પદ પર રાખવા માંગે છે.' સૂત્રએ કહ્યું, 'અગાઉ સંઘ અને ભાજપ વચ્ચે નામોને લઈને મતભેદ હતા, જેના કારણે ટોચના પદ પર નિમણૂકો થઈ શકી ન હતી. જોકે, હવે ફડણવીસના નામ પર સર્વસંમતિ ઊભી થતી જોવા મળી રહી છે. આવી સ્થિતિમાં ફડણવીસ અને મોદી વચ્ચેની મુલાકાત મહત્વપૂર્ણ છે.

એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે ફડણવીસને લઈને પાર્ટીમાં બે મત છે કે તેમને કેબિનેટમાં મંત્રી કે અધ્યક્ષ બનાવવા જોઈએ. અહેવાલમાં સૂત્રોને ટાંકીને કહેવામાં આવ્યું છે કે, 'ઈજીજી ફડણવીસને રાષ્ટ્રીય અધ્યક્ષ બનાવવાના પક્ષમાં છે, જેથી ફડણવીસ કેન્દ્રીય રાજકારણમાં મોટી ભૂમિકા ભજવી શકે અને તૈયાર થઈ શકે છે, કારણ કે કેન્દ્રમાં ભાજપ સરકાર તેમના માટે ગાદીનું કામ કરશે.'

મહારાષ્ટ્રમાં છેલ્લી વિધાનસભા ચૂંટણીમાં અવિભાજિત શિવસેના અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીએ સાથે મળીને સરકાર બનાવી હતી. આ પછી શિવસેનામાં ભાગલા પડ્યા અને મોટી સંખ્યામાં ધારાસભ્યો એકનાથ શિંદે સાથે જોડાયા. રાજ્યમાં ભાજપ અને શિંદે જૂથે સરકાર બનાવી અને એકનાથ શિંદેને મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા. ત્યારબાદ ફડણવીસને ડેપ્યુટી સીએમ બનાવવામાં આવ્યા હતા.

### એટ્રોસિટી એક્ટ હેઠળ નોંધાયેલ ગુન્હાઓમાં આરોપીઓની ધરપકડ નહિ કરવા મુદ્દે DGP ને દલિત આગેવાનોની રજૂઆત

## પોલીસ દ્વારા અર્ણેશકુમાર વિરુદ્ધ સ્ટેટ ઓફ બિહારના ચુકાદાનું આરોપીઓને લાભ અપાવવાના ઇરાદે કરાતું ખોટું અર્થઘટન કાયદા વિરુદ્ધનું છે

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર ખાતે આવેલા ડીજીપી ભવન ખાતે SC/ST(પ્રિવેંશન ઓફ એટ્રોસિટીઝ) એક્ટ, ૧૯૮૯માં આગોતરા જામીનની જોગવાઈ ન હોવા છતાં પોલીસ દ્વારા અર્ણેશકુમાર વિરુદ્ધ સ્ટેટ ઓફ બિહારના ચુકાદાનું આરોપીઓને લાભ અપાવવાના ઈરાદે કરાતું ખોટું અર્થઘટન કાયદા વિરુદ્ધનું છે.જેનાથી આરોપીઓમાં કાયદાનો ભય નહીં રહે અને ફરિયાદીને વધારે અત્યાચારનો સામનો કરવો પડશે તેવી રજૂઆત રાષ્ટ્રીય દલિત અધિકાર મંચ અને સાથી સંગઠનોએ DGP વિકાસ સહાયને આવેદનપત્ર આપી કરી હતી.તેમજ ખંભાતના નિવાસી રમેશભાઈ વણકર દ્વારા ગ્રાન્ટ ફાળવાઈ હોવા છતાં વિકાસના કામો ન કરતા રજૂઆત કરવા જતા કેતનભાઈ ઉર્ફે પપ્પુભાઈ ભીખાભાઈ પટેલ કે જેઓ ખંભાત તાલુકા પંચાયતના સભ્ય ન હોય તેમ છતાં પોતે તાલુકા પંચાયતનાં પ્રમુખ શિવાનીબેન કેતનભાઈ પટેલનાં સ્થાને બેસી તમામ વહીવટ કરતાં હોય જેનાં વિરુદ્ધ ફરિયાદ દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવા કરવા માટે ઉગ્ર રજૂઆત કરી હતી.રાષ્ટ્રીય દલિત અધિકાર મંચ અને સાથી સંગઠનોએ મીડિયા સાથે વધું વાતચીત કરતા જણાવ્યું હતું કે જે રીતે બિહારમાં અર્ણેશકુમાર વિરૂદ્ધ ચુકાદાનું ખોટું અર્થઘટન કરી આરોપીઓને લાભ અપાવવાના ઈરાદે કાર્ય કરાયું છે. તે જ રીતે રાજ્યના અલગ અલગ જિલ્લાઓમાં મોટાભાગના કિસ્સાઓમાં આવા પ્રકારના અત્યાચારો થઈ રહ્યા છે.એટ્રોસિટીની ફરિયાદો લેવામાં નથી આવતી, તેમણે વધુમાં ઉમેર્યું હતું કે જે રીતે શિવાનીબેન કેતનભાઈ પટેલ તાલુકા પ્રમુખ હોવા છતાં તેમના સ્થાને કેતનભાઈ ઉર્ફે પપ્પુભાઈ ભીખાભાઈ પટેલ બેસીને વિકાસના કાર્યોની રમેશભાઈ ઈશ્વરભાઈ વણકર દ્વારા રજૂઆત કરવા જતા તેમની સાથે ગેરવર્તન કરીને જાતિવાદી અપ શબ્દો બોલીને ઝપાઝપી કરવામાં આવી હતી તે યોગ્ય નથી જેના ઉપર કાયદેસરની કાર્યવાહી થવી જોઈએ.

### સુપ્રીમ કોર્ટે ફરી એકવાર ઈતિહાસ રચ્યો

# પ્રથમ વખત હું બેંચ તરફ હતો : SCની લોક અદાલતમાં કપિલ સિબ્બલ CJI સાથે બેઠા

## CJI DY ચંદ્રચુડ અને કપિલ સિબ્બલની બેંચે પતિ-પત્નીની લડાઈને કારણે બરબાદ થઈ રહેલા પરિવારને બચાવી લીધો

નવી દિલ્હી, તા.૩૦

સુપ્રીમ કોર્ટે ફરી એકવાર ઈતિહાસ રચ્યો છે. સુપ્રીમ કોર્ટની લોક અદાલતમાં વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલ ચીફ જસ્ટિસ ડી.વાય.ચંદ્રચુડ સાથે બેંચ પર બેઠા જોવા મળ્યા હતા. આ પહેલીવાર હતું જ્યારે કપિલ સિબ્બલ બાર પર નહીં પરંતુ બેંચ પર હતા. સોમવારે કપિલ સિબ્બલ કોઈ કેસની ચર્ચા કરી રહ્યા ન હતા પરંતુ કેસનો નિર્ણય લેવા અને ચુકાદો આપવા માટે CJI DY ચંદ્રચુડની સાથે બેંચમાં જોડાયા હતા. એટલું જ નહીં, આ બેંચે પતિ-પત્નીની લડાઈને કારણે બરબાદ થઈ રહેલા પરિવારને બચાવી લીધો.સુપ્રીમ કોર્ટમાં યોજાયેલી ખાસ લોક અદાલતનો આ પ્રસંગ હતો. જેમાં મીડિયા કેમેરાને પણ અહીં મંજૂરી આપવામાં આવી હતી. CJI અને સિબ્બલની સાથે જસ્ટિસ જે.બી.પારડીવાલા, જસ્ટિસ મનોજ મિશ્રા અને સુપ્રીમ કોર્ટના એડવોકેટ્સ ઓન રેકોર્ડ એસોસિએશનના પ્રમુખ વિપિન નાયર પણ લોક અદાલતમાં હાજર રહ્યા હતા. આ કેસોની સુનાવણી ૨૯ જુલાઈથી ૨ ઓગસ્ટની વચ્ચે થશે અને કોર્ટના કામકાજ પછી બપોરે ૨ વાગ્યે શરૂ થશે.લોક અદાલતમાં આવેલા એક કેસનો ઉલ્લેખ કરતા મુખ્ય ન્યાયાધીશે કહ્યું હતું કે, મને એક કેસ યાદ છે જેમાં પતિએ પટિયાલા હાઉસ કોર્ટમાં છૂટાછેડાની કાર્યવાહી કરી હતી અને તેની પત્નીએ બાળકોના ભરણપોષણ અને કસ્ટડી માટે અરજી કરી હતી. તેઓ બંને લોક અદાલતમાં સાથે આવ્યા હતા અને બંનેએ નક્કી કર્યું હતું કે, તેઓ સાથે રહેશે. તેથી જ્યારે તેઓ બંને લોક અદાલતમાં આવ્યા ત્યારે મેં તેમને પૂછ્યું, અને તેઓએ કહ્યું કે, તેઓએ ખુશીથી સાથે રહેવાનું નક્કી કર્યું છે. પત્નીએ કહ્યું કે, મને ભરણપોષણ નથી જોઈતું કારણ કે અમે ખૂબ જ ખુશીથી સાથે રહીએ છીએ.મુખ્ય ન્યાયાધીશે જણાવ્યું હતું કે, લોક અદાલતનો હેતુ નાના કેસોનો નિકાલ કરવાનો છે. લોકોને ખ્યાલ નથી કે કેટલા નાના કેસ સુપ્રીમ કોર્ટમાં આવે છે. અમે લોક અદાલતમાં સેવા, મજૂર વિવાદ, જમીન સંપાદન અને મોટર અકસ્માતના દાવા જેવા કેસો પસંદ કરીએ છીએ.મુખ્ય ન્યાયાધીશ ચંદ્રચુડે વધુમાં જણાવ્યું હતું કે, "ન્યાયાધીશોની સાથે લોક અદાલતની પેનલના ભાગ રૂપે બાર સભ્યોની હાજરીએ સમગ્ર સમાજને સાચો સંદેશ આપ્યો છે કે, અમે ન્યાય આપવાના અમારા પ્રયાસોમાં એક છીએ, ખાસ કરીને આ નાના કેસોમાં સામેલ નાગરિકોને." મુખ્ય ન્યાયાધીશને આશા છે કે, ભવિષ્યમાં સુપ્રીમ કોર્ટમાં લોક અદાલતનું સંસ્થાકીયકરણ થશે.અહેવાલ મુજબ, કપિલ સિબ્બલે આ અંગે કહ્યું હતું કે, હું પહેલીવાર બારમાં નહીં પરંતુ બેંચ પર બેઠો છું. આ એક વિશેષાધિકાર છે કે મને ન્યાયાધીશો સાથે બેંચ શેર કરવાની આ તક મળી.કપિલ સિબ્બલે કહ્યું કે, જ્યારે સુપ્રીમ કોર્ટે લાઈવ સ્ટ્રીમિંગ શરૂ કર્યું ત્યારે મહારાષ્ટ્ર કેસમાં દલીલો શરૂ કરનાર તેઓ પ્રથમ વ્યક્તિ હતા. લોક અદાલતનું આયોજન કરવાનું પગલું એ સુપ્રીમ કોર્ટનું મોટું પગલું છે.

જ્યારે જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ કેવી વિશ્વનાથન સાથે SCBAના ઉપાધ્યક્ષ રચના શ્રીવાસ્તવ અને SCORAના ઉપપ્રમુખ અમિત શર્મા કોર્ટ રૂમ નંબર બેમાં બેઠા હતા. SCBA જનરલ સેક્રેટરી વિક્રાંત યાદવ અને SCORA સેક્રેટરી નિખિલ જૈન કોર્ટ રૂમ ૩માં જસ્ટિસ બી.આર.ગવઈ અને જસ્ટિસ એમ.એમ.સુંદરેશ સાથે બેઠા હતા.કોર્ટ રૂમ ૪માં, જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ ઉજ્જલ ભૂયને લોક અદાલતની કાર્યવાહી માટે વરિષ્ઠ વકીલ વી.વી.ગિરી અને એડવોકેટ કે. પરમેશ્વર સાથે બેંચ શેર કરતા જોવા મળ્યા હતા. જ્યારે કોર્ટ રૂમ ૫માં, જસ્ટિસ હૃષિકેશ રોય અને જસ્ટિસ પીએસ નરસિમ્હા હાજર હતા.કોર્ટ રૂમ ૬માં વરિષ્ઠ વકીલ પી.એસ.પટવાલિયા અને એડવોકેટ શાદાન ફરાસત, ન્યાયમૂર્તિ અભય એસ ઓક, ન્યાયમૂર્તિ દીપાંકર દત્તા અને વરિષ્ઠ વકીલ હુઝૈફા અહમદી સાથે બેંચ પર બેઠા હતા. જ્યારે જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ પી.બી. વરાલે સાથે વરિષ્ઠ વકીલ માધવી દિવાન અને એડવોકેટ બાલાજી શ્રીનિવાસન પણ કોર્ટ રૂમ ૭માં બેંચનો ભાગ બન્યા હતા.

આ નિર્ણય અંગે SCORA સચિવ નિખિલ જૈને કહ્યું હતું કે, "ચીફ જસ્ટિસ ચંદ્રચુડ દ્વારા લેવામાં આવેલું આ એક ઐતિહાસિક પગલું છે, જેનાથી સામાન્ય લોકોને ઘણો ફાયદો થશે."

### મુશ્કેલીમાં બે પોલીસકર્મીઓ

# કેદીઓ માટે દારૂની પાર્ટી યોજવા માટે ફરી બદનામ થઇ ખાખી

## એક કેસમાં પોલીસકર્મી એક કુખ્યાત દારૂના દાણચોરને જેલમાં લઈ જવાને બદલે બોલીવુડ ફિલ્મના દ્રશ્યની જેમ પાર્ટીમાં લઈ ગયો હતો

અમરેલી, તા.૩૦

ગુજરાતમાં દેશની સૌથી જૂનો દારૂબંધી છે. તેનો અમલ કરવાની જવાબદારી ગુજરાત પોલીસના ખભા પર છે પરંતુ તાજેતરમાં બનેલી ઘટનાઓ પ્રકાશમાં આવી છે. જે બાદ સવાલ એ ઉઠી રહ્યો છે કે ગુજરાતમાં આ કેવી દારૂબંધી છે? જ્યાં પોલીસ જ દારૂબંધીનો ભંગ કરી રહી છે. એક કેસમાં પોલીસકર્મી પોતે જ નશામાં ધૂત જોવા મળ્યો હતો, જ્યારે અન્ય એક કેસમાં પોલીસકર્મી એક કુખ્યાત દારૂના દાણચોરને જેલમાં લઈ જવાને બદલે બોલીવુડ ફિલ્મના દ્રશ્યની જેમ પાર્ટીમાં લઈ ગયો હતો. આ કિસ્સાઓ પછી સવાલ ઉઠી રહ્યો છે કે ડ્રાય સ્ટેટ (પ્રતિબંધ ધરાવતું રાજ્ય)માં આટલો દારૂ ક્યાંથી આવે છે કે પોલીસકર્મીઓ પણ ખુલ્લેઆમ પાર્ટી કરતા પકડાઈ રહ્યા છે.અમરેલી જિલ્લાના કુખ્યાત દારૂની હેરાફેરી કરનાર ધીરજ કરિયાને ગાંધીનગરની સ્થાનિક કોર્ટમાં લઈ જવાનો હતો. તેને કોર્ટમાં રજૂ કરવાની જવાબદારી બે પોલીસકર્મીઓને મળી હતી. કરીયાને કોર્ટમાં રજૂ કર્યો હતો. આ પછી બંને પોલીસકર્મીઓ તેને જેલમાં લઈ જવાને બદલે જૂનાગઢ સ્થિત તેના ઘરે છોડી ગયા હતા. અમરેલીના પોલીસ અધિકારીઓની તપાસમાં બહાર આવ્યું છે કે પોલીસકર્મીઓએ દારૂની હેરાફેરી કરનાર પ્રત્યે નમ્રતા દાખવી હતી. આ સમગ્ર મામલો ત્યારે સામે આવ્યો જ્યારે રેસ્ટોરન્ટના માલિકે ૨૪ જુલાઈની રાત્રે તેની હોટલમાં હંગામો કરવા બદલ બે અજાણ્યા લોકો વિરુદ્ધ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી.બંને કોન્સ્ટેબલોએ ખાવાનું મંગાવ્યું હોવાનું પ્રકાશમાં આવ્યું હતું. આ બંને કોન્સ્ટેબલો ધીરજ કરીયાને તેના ઘરે મૂકીને ભોજન લેવા આવ્યા હતા. અહીં તેમણે દારૂ પણ પીધો હતો. ફરિયાદમાં જણાવાયું છે કે જ્યારે વેઈટરે દારૂ પીરસવાની ના પાડી તો તેઓએ ઝઘડો કર્યો અને તેને ધમકી આપી. ફરિયાદની તપાસ કરતી વખતે, પોલીસે સીસીટીવી ફૂટેજ સ્કેન કર્યા અને તેની પુષ્ટિ થઈ. એક કુખ્યાત દારૂના દાણચોર પર પાર્ટી કરવા અને તેને તેના ઘરે મૂકવાના આરોપમાં પોલીસકર્મીઓ વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. બંને આરોપીઓ કોન્સ્ટેબલ રણજીત વાઘેલા અને નીતિન બાંભણિયા હોવાનું પ્રકાશમાં આવ્યું છે. તેણે આરોપીને તેના પરિવારને મળવાનો સમય આપ્યો. જૂનાગઢ પોલીસે વાઘેલા અને તેને દારૂ પુરો પાડનાર વ્યક્તિની ધરપકડ કરી હતી.અન્ય એક કેસમાં ૨૫ જુલાઈના રોજ રાજકોટ સેન્ટ્રલ જેલના અન્ડરટ્રાયલ કેદી અવેશ ઓડિયાને સુનાવણી માટે રાજકોટ લઈ જવામાં આવ્યો હતો. જ્યારે કોન્સ્ટેબલ પરેશ વાઘેલાએ સાંજે ૫.૪૫ વાગ્યે ઓડિયાને જેલમાં ઉતારી ત્યારે જેલના સ્ટાફે જોયું કે તે માંડ માંડ ચાલી શકે છે. મેડિકલ ઓફિસરે પુષ્ટિ કરી હતી કે પોલીસ એસ્કોર્ટમાં ઓડિયાએ દારૂ પીધો હતો. જેલર વી.કે.પારધીએ ઓડિયા અને વાઘેલા સામે ફરિયાદ નોંધાવી હતી. આ બંને કિસ્સા એવા સમયે પ્રકાશમાં આવ્યા છે જ્યારે રાજ્યમાં કચ્છ પૂર્વ જિલ્લાની ઝૈંઢમાં તૈનાત નીતા ચૌધરીનો મામલો ચર્ચામાં છે. કચ્છ પોલીસે દારૂની હેરાફેરી કરનાર નીતા ચૌધરીની ધરપકડ કરી હતી.

### ભારતમાં કેન્સર અંગે સામે આવ્યો ચોંકાવનારો રિપોર્ટ

# ભારતમાં રહેતા ૯માંથી ૧ વ્યક્તિને કેન્સરનું જોખમ

## વર્ષ ૨૦૨૫ સુધીમાં કેન્સરના કેસ વધીને ૧૫.૭ લાખ થઈ જશે

નવી દિલ્હી, તા.૩૦

ભારતમાં કેન્સરના કેસમાં દિવસેને દિવસે વધારો થઈ રહ્યો છે. દેશમાં કેન્સરના વધતા જતા કેસ વચ્ચે આરોગ્ય નિષ્ણાતોનું કહેવું છે કે ૯માંથી ૧ ભારતીયને તેમના જીવનમાં કેન્સરનું જોખમ છે. જોકે મોટાભાગના કિસ્સાઓમાં જો તે સમયસર શોધી કાઢવામાં આવે તો તેને રોકી શકાય છે. એપોલો હોસ્પિટલ્સના તાજેતરના રિપોર્ટ મુજબ ભારતમાં કેન્સરના કેસમાં વધારો જોવા મળી રહ્યો છે. ભારત વિશ્વની કેન્સરની રાજધાની છે. ઉલ્લેખનીય છે કે એપોલો હોસ્પિટલ્સે કેન્સરના કેસ અંગે હેલ્થ ઓફ નેશન નામનો રિપોર્ટ પ્રસિદ્ધ કર્યો હતો. રિપોર્ટ અનુસાર ૨૦૨૦માં કેન્સરના કેસોની વાર્ષિક સંખ્યા લગભગ ૧૪ લાખ હતી જે ૨૦૨૫ સુધીમાં વધીને ૧૫.૭ લાખ થઈ જશે. રિપોર્ટમાં તેના કારણોને સંબોધવા તેમજ અસરકારક નિવારણ અને સારવારના પગલાં લાગુ કરવા માટે વ્યાપક સરકારી પ્રયાસોની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો છે. રાજીવ ગાંધી કેન્સર ઈન્સ્ટિટ્યૂટ એન્ડ રિસર્ચ સેન્ટર(RGCIRC)ના નિવારક ઓંકોલોજી વિભાગના વડા ડૉ. ઈન્દુ અગ્રવાલે જણાવ્યું હતું કે, ભારતમાં કેન્સરના રોકી શકાય તેવા કારણોમાં તમાકુનું સેવન ટોચ પર છે. લગભગ ૨૬૭ મિલિયન પુખ્ત લોકો તમાકુનો ઉપયોગ કરે છે જે મોઢા, ફેફસાં અને અન્ય કેન્સર સાથે જોડાયેલ છે. અસ્વસ્થ આહાર અને બેઠાડુ જીવનશૈલી આંતરડા, સ્તન અને સ્વાદુપિંડના કેન્સરનું જોખમ વધારે છે.

રિપોર્ટ મુજબ વસ્તીમાં વૃદ્ધ લોકોની વધતી સંખ્યા પણ કેન્સરનું પ્રમાણ વધારી રહી છે. વૃદ્ધ લોકો વિવિધ પ્રકારના કેન્સર માટે વધુ સંવેદનશીલ હોય છે. માનવ પેપિલોમાવાયરસ (HPV) અને હેપેટાઈટિસ B અને C વાયરસ જેવા ચેપ અનુક્રમે સર્વાઈકલ અને લીવર કેન્સરના મહત્વના કારણો છે. કેન્સર-સંબંધિત ચેપને રોકવા માટે HPV અને હેપેટાઈટિસ B રસીકરણને પ્રોત્સાહન આપવું મહત્વપૂર્ણ છે. નિષ્ણાતોએ તાજેતરમાં વધુ ત્રણ કેન્સરની દવાઓને કસ્ટમ ડ્યુટીમાંથી મુક્તિ આપવાના સરકારના પ્રયાસોની પ્રશંસા કરી હતી.

ડો. પ્રથમેશ પાઈ, હેડ એન્ડ નેક કેન્સર ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા, પુણ્યશ્લોક અહિલ્યાબાઈ હોલકરના ડિરેક્ટરે જણાવ્યું હતું કે, તાજેતરના બજેટમાં આરોગ્યસંભાળ ખર્ચમાં ઘટાડો જોવા મળ્યો છે, જેમાં કેન્સરની આવશ્યક દવાઓ પર કસ્ટમ ડ્યૂટીમાં ઘટાડો સામેલ છે. આ માપદંડનો ધ્યેય નવી સારવારને વધુ સસ્તું અને સુલભ બનાવવાનો છે જોકે આરોગ્યસંભાળ યોજનાઓને વિસ્તૃત કરવા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુધારવા માટે વધુ કામ કરવાની જરૂર છે. આ કટોકટીનો સામનો કરવા માટે નિષ્ણાતો જનજાગૃતિના મહત્વ પર ભાર મૂકે છે, સ્ક્રિનિંગ કાર્યક્રમોનું આયોજન કરે છે અને કેન્સર સંશોધન માટે વધુ ભંડોળ પૂરું પાડે છે.

### AAP ને ખતમ કરવાના ઉદ્દેશ

# ષડયંત્ર રચીને ખોટા કેસોમાં કેજરીવાલને જેલમાં ધકેલી દીધા છેઃ ઇસુદાન ગઢવી

## કોંગ્રેસના ધારાસભ્ય ઇમરાન ખેડાવાળા, આપ ધારાસભ્ય ચૈતર વસાવા, હેમંત ખવા, ઉમેશ મકવાણા, સુધીર વાઘાણી સહિતના મોટી સંખ્યામાં કોંગ્રેસ અને આપના કાર્યકર્તાઓ પદયાત્રામાં જોડાયા હતા

અમદાવાદ, તા.૩૦

છેલ્લા ઘણા સમયથી દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ લિકર પોલિસી ભ્રષ્ટાચાર કેસ મુદ્દે જેલની હવા ખાઈ રહ્યા છે. જેને લઈને આજે અમદાવાદ શહેરના નવરંગપુરા વિસ્તારમાં આવેલા આમ આદમી પાર્ટીના પ્રદેશ કાર્યાલયથી ઈક્રમટેક્સ ચાર રસ્તા ખાતે આવેલી મહાત્મા ગાંધીજીની પ્રતિમાને ફુલહાર અર્પણ કરી તેમને જેલ મુક્તિ માટે પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાળા, આપ ધારાસભ્ય ચૈતર વસાવા, હેમંત ખવા, ઉમેશ મકવાણા, સુધીર વાઘાણી સહિતના મોટી સંખ્યામાં કોંગ્રેસ અને આપના કાર્યકર્તાઓ જોડાયા હતા.પદયાત્રાને લઈને આપ પ્રદેશ પ્રમુખ ઈશુદાન જણાવ્યું હતું કે આમ આદમી પાર્ટીને તોડી નાખવાના ઉદ્દેશથી ષડયંત્ર રચીને ખોટા કેસોમાં આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ, પૂર્વ ઉપમુખ્યમંત્રી મનીષ સિસોદિયા, પૂર્વ સ્વાસ્થ્ય મંત્રી સત્યેન્દ્ર જૈનની જેલમાં ધકેલી દીધા છે.જેલમાં અરવિંદ કેજરીવાલનું વજન દિવસને દિવસે ઘટી રહ્યું છે. અને દિવસેને દિવસે તેમની તબિયત વધુને વધુ ખરાબ થઈ રહી છે. જેલમાં ભાજપના અત્યાચારના કારણે અરવિંદ કેજરીવાલજીની તબિયત ખરાબ થઈ રહી છે. ત્યારે તેમની તબિયતમાં સુધારની અને તેમની જલ્દી જેલમુક્તી થાય તેવી પ્રાર્થના સાથે અમદાવાદ ખાતે આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાનભાઈ ગઢવીના નેતૃત્વમાં પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ કાર્યાલય ખાતેથી પદયાત્રાની શરૂઆત કરવામાં આવી હતી. પ્રદેશ કાર્યાલયથી નીકળીને આ પદયાત્રા ઈક્રમટેક્સ સર્કલ ખાતે મહાત્મા ગાંધીજીની પ્રતિમાએ પહોંચી હતી અને આમ આદમી પાર્ટીના તમામ નેતાઓ તથા કાર્યકર્તાઓએ મહાત્મા ગાંધીજીને ફુલહાર અર્પણ કર્યા હતા અને અરવિંદ કેજરીવાલની તબિયત માટે અને જેલ મુક્તિ માટે પ્રાર્થના કરી હતી.

# વડિયા : પૂર્વમંત્રી વિઠ્ઠલભાઈ રાદડિયાની પાંચમી પુણ્યતિથિએ મહા રકતદાન શિબિર યોજાઈ






તસ્વીર : દિવ્યાંગગીરી ગોસાઈ–વડિયા

વડિયા જાણીતા ખેડૂત નેતા સ્વ.વિઠલભાઈ રાદડિયાની પાંચમી પૂણ્યતિથિ નિમિતે ગામમાં એક મહાન રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ કાર્યક્રમ દ્વારા સમગ્ર ગુજરાતમાં તેમના અનેક ચાહકો અને સમર્થકોએ તેમને શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી. શિબિરનો પ્રારંભ વડીયાના વિવિધ મંદિરોનાં સંતો અને પૂર્વો કેબિનેટ મંત્રી બાવકુભાઈ ઉઘાડ દ્વારા દીપ પ્રાગટય સાથે કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે વડીયા ગામ અને આસપાસનાં ગ્રામીણ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં યુવાનોએ રકતદાન કરીને સ્વ. વિઠલભાઈ રાદડિયાને અનોખી શ્રધ્ધાંજલિઅર્પણ કરી હતી. સ્વામિનારાયણ મંદિર વડીયાના સંતોએ પણ રક્તદાન કરીને યુવાનોને પ્રેરણા આપી હતી.શિબિરમાં કુલ ૧૪૫ બોટલ રકત એકત્રિત કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમ માં વડિયાના વતની અને ગુજરાત સરકારના પૂર્વ મંત્રી બાવકુભાઈ ઉઘાડ જીલ્લા પંચાયત શાસક પક્ષના નેતા વિપુલભાઈ રાંક, તાલુકા પંચાયત પ્રમુખ પરસોતમભાઈ હિરપરા, તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષભાઈ ઠુંમર, તાલુકા પંચાયત કારોબારી ચેરમેન તુષારભાઈ ગણાત્રા, વડિયા સરપંચ મનિષભાઈ ઢોલરીયા, થાણાગાલોલ સરપંચ અશોકભાઈ ઉઘાડ, હરેશભાઈ રાદડિયા, પ્રતિક ભાઈ હરખાણી, જીગરભાઈ સેજપાલ, ગ્રામપંચાયત સદસ્ય નિલેશભાઈ પરમાર સહિતના અનેક ગૃપ કાર્યકરો અને લોકો મોટીસંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## અમરેલી : યુનિટ હાઈસ્કૂલ ગૌરવ

અમરેલી, તા.૩૦

અમરેલીની યુનિટ હાઈસ્કૂલના જીગ્નેશ અને તૃતિય હર્ષદએ તાલુકા કક્ષા એથલેટિકસની ૨૦૦મી દોડમાં ભાગ લીધો હતો. જેમાં જીગ્નેશ અને તૃતિય હર્ષદએ વિજય મેળ વીને યુનિટ હાઈસ્કૂલનું ગૌરવ વધારવા બદલ સમગ્ર ટ્રસ્ટીગણ, સ્ટાફ તેમજ આચાર્ય ભરતભાઈ મહેતાએ અભિનંદ પાઠવેલ છે.

## પાના ૧ ઉપરનું ચાલું રાજુલાનાં કુંડલીયાળા ગામે

હોય, જે લોન તેણીના પતિ ગૌતમભાઈ તથા તેના નાના દિયર મધુભાઈએ ભરી અને તે જમીન વાવતા હોય ત્યારે સામાવાળા તેણીના બીજા દિયર મહેશભાઈ કેશુભાઈ ગૌસ્વામીએ કહેલ કે મને પણ આ જમીનમાં ભાગ આપો જેથી મહિલાના પતિ ગૌતમભાઈએ કહેલ કે અમે રૂપિયા ૩,૭૫,૦૦૦ની લોન ભરેલ છે. જેમાં તુ ભાગ આપ તો તને તારો ભાગ આપીએ. જેથી સામાવાળાએ ઉશ્કેરાઈ જઈ ગાળો આપવા લાગેલ જેથી મહિલાના નાના દિયર મધુભાઈએ ગાળો આપવાની ના પાડતા સામાવાળાએ તેની ઢીકાપાટુનો માર મારવા લાગેલ જેથી ગૌતમભાઈએ સામાવાળાને પકડી લેતા સામાવાળાએ ગૌતમભાઈ સાથે ઝઘડો કરવા લાગેલ જેથી આ મહિલા વચ્ચે પડતા તેણીને પેટના ભાગે પાટાનો એક ઘા મારી મુંઢ ઈજા કર્યાની ફરિયાદ નોંધાઈ છે.

## પાના ૮ ઉપરનું ચાલું જાફરાબાદનાં લાઈટ હાઉસ

આટાફેરા મારી રહ્યા હોય તે બાબતે ઘણા સમયથી ફોરેસ્ટના જવાબદાર અધિકારીને જણાવ્યુ હતુ પરંતુ કોઈ પણ જાતની તસ્દી લેવામાં ન આવતા ગાયનું મારણ કરવા જતા અહીના સ્થાનિક લોકો એકઠા થતા સાવજોના પંજામાંથી ગાયયને છોડવવામાં આવી હતી. જે ગાયના માલીક અફઝલભાઈ હુસેનભાઈ બેલીમની માલીકીની હોય આ ગાયને સાવજો દ્વારા પંજાઓ મારી લોહીલુહાણ કરેલ હોય અને ગાયનો પાડુ પણ સાવજો દ્વારા ભાંગી નાખતા ગાયને પશુઓના દવાખાને લઈ જવામાં આવી હતી. અહી મોટી સંખ્યામાં માનવ વસાહત હોય અને અહી લાઈટ હાઉસ ફરવા માટે મોટી સંખ્યામાં સહેલાણીઓ જતા હોય છે. તેઓની સાથે નાના ભૂલકાઓ તથા મહિલાઓ તથા સિનિયર સિટીઝન લોકો હરવાફરવા માટે જતા હોય અમુક સમય બહાર ગામથી આવતા લોકો અહી આવેલ દરિયાઈ નજારો જોવા અને માણવા માટે આવતા હોય છે. પરંતુ અહી સાવજો આવી ચડતા લોકોમાં ભયનુ વાતાવરણ ઉભુ થયુ છે. સાવજો પાછળ રાજય સરકાર તથા કેન્દ્ર સરકાર કરોડો રૂપિયા તેની દેખરેખ રાખવા વાપરી રહ્યા છે. પરંતુ સાવજો કયા જાય છે. તે દેખરેખ રાખતુ સ્થાનિક વન તંત્ર શું કરી રહ્યુ છે. તેવો પ્રશ્ન લોકોમાંથી ઉપજી રહો છે. ઘણીવાર બંદર વિસ્તારોમાં સાવજો આવી ચડતા હોય છે. અને ચાલુ સિઝનમાં પણ સાવજો આવી ચડતા મચ્છી સુકાવા માંડે જતી મહિલાઓ પણ જતા ડર અનુભવી રહ્યા છે. પરંતુ બાબરકોટ વનવિભાગ શું કરી રહ્યુ છે. તેવા અનેક પ્રશ્નો લોકોમાંથી ચર્ચાઈ રહ્યા છે. આ બાબતે વનવિભાગ જવાબદાર અધિકારી દ્વારા માનવ વસાહતમાં આવી ચડેલા સાવજો ન ખસેડવામાં આવશે કે પછી હોતા હૈ ચલતા હૈ તેવુ અપનાવવામાં આવશે હાલતો અહી રહેતા નાગરિકોમાં ભય ફેલાયો છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૦૦ | ૧૧૬૧ |
| ૨ | શિંગ મોટી | ૧૦૬૬ | ૧૨૭૨ |
| ૩ | શિંગદાણા | ૧૨૫૦ | ૧૬૦૬ |
| ૪ | શીંગદાણા ફાડા | ૧૩૫૬ | ૧૫૫૨ |
| ૫ | તલ સફેદ | ૧૭૨૦ | ૨૬૨૧ |
| ૬ | તલ કાળા | ૨૮૭૦ | ૩૩૩૩ |
| ૭ | તલ કાશ્મીરી | ૩૩૨૫ | ૩૩૨૫ |
| ૮ | બાજરો | ૪૧૧ | ૫૦૮ |
| ૯ | જુવાર | ૪૭૬ | ૮૦૨ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૫૯ | ૬૦૩ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૯૪ | ૫૭૧ |
| ૧૨ | મકાઈ | ૪૫૮ | ૪૫૮ |
| ૧૩ | મગ | ૧૨૨૦ | ૧૫૩૫ |
| ૧૪ | ચણા | ૧૧૪૫ | ૧૩૧૭ |
| ૧૫ | ચણા દેશી | ૧૪૫૦ | ૧૪૫૦ |
| ૧૬ | તુવેર | ૧૧૧૦ | ૧૯૨૦ |
| ૧૭ | કપાસ | ૮૫૨ | ૧૫૬૭ |
| ૧૮ | એરંડા | ૧૦૧૦ | ૧૧૫૭ |
| ૧૯ | જીરુ | ૪૭૦૦ | ૪૭૦૦ |
| ૨૦ | ધાણ | ૯૦૦ | ૧૧૭૫ |
| ૨૧ | મેથી | ૯૬૦ | ૧૦૩૬ |
| ૨૨ | સોયાબીન | ૭૪૫ | ૮૨૭ |
| ૨૩ | રજકાનું બી | ૨૮૯૦ | ૫૦૧૦ |
| ૨૪ | કાંગ | ૯૦૦ | ૯૦૦ |

## સાવરકુંડલા : વિદ્યાર્થીઓને ચાંદીપુરા અંગે માર્ગદર્શન અપાયું



સાવરકુંડલા, તા. ૩૦

સાવરકુંડલા શહેરના હાથસણી રોડ ખાતે છેવાડાના વિસ્તારોના અને ઝૂંપડપટ્ટીમાં રહેતા વિદ્યાર્થીઓને અમરેલી જીલ્લા આરોગ્ય અધિકારી ડો.આર.એમ જોશી, ડો. સાલવી તથા કયુએમઓડો આરકે જાટ તાલુકા હેલ્ઈથ ઓફિસર ડો. મીના, અર્બન હેલ્થ ઓફીસરના માર્ગદર્શન હેઠળ સાવરકુંડલા તાલુકા આરોગ્ય વિભાગની ટીમ દ્વારા હાલમાં ચાલી રહેલા ચાંદીપુરા રોગ વિશે ઝૂંપડપટ્ટીના બાળકોને આરોગ્ય શિક્ષણ આપવામાં આવ્યું હતું. તથા તમામ બાળકોનું સ્ક્રિનિંગ કરવામાં આવ્યું હતું જેમાં તાલુકા સુપર વાઈઝર સંજયભાઈ મહેતા નોડલ કોમ્યુનિટી હેલ્થ ઓફિસર જાગૃતભાઈ ચૌહાણ, ડોકટર યોગીભાઈ કારેણા દ્વારા તમામ બાળકોને ચાંદીપુરા રોગ વિશેની સંપૂર્ણ માહિતી આપવામાં આવી હતી. તથા આ કામગીરીમાં ઉદારતા ચેરીટેબલ ટ્રસ્ટના બહેનો ઉપસ્થિત રહેલ.

## પાના ૧ ઉપરનું ચાલું ગ્રામ્ય વિસ્તારમાં સિંહ–દીપડાથી ફફડાટ

મીટીંગ બોલાવેલ જેમાં દિપડા દ્વારા માનવ હુમલા થતા અટકાવવા બાબતે ચર્ચા કરાઈ જેને લઈ ૩૭ ગામના સરપંચો દ્વારા આર.એફ.ઓને તમામ સરપંચો દ્વારા રૂબરૂ મળી રોષ વ્યકત કરવામાં આવેલ અને આવેદન આપવામાં આવેલ જે અંગે સ્થાનિક અધિકારીએ આવેલ તમામ સરપંચોનું આવેદન સ્વીકારી ખાત્રી આપેલ કે આપની માંગણી અન્વયે પુરતુ ધ્યાન આપવામાં આવશે અને આવનારા દિવસોમાં આવિ કોઈ ઘટના ન બને તેવી તકેદારી રાખવામાં આવશે તેવી વન વિભાગ અધિકારી દ્વારા ખાત્રી આપવામાં આવેલ આ તકે સરપંચ એશોસીયત પ્રમુખ ભવીભાઈ કુંમર સાથે સાથે જીવનભાઈ વોરા, રાજુભાઈ ભેડા, રાજુભાઈ સાવજ, ધીરૂભાઈ ખુમાણ, નિલેશભાઈ ધોરાજીયા, કીરીટભાઈ સોળિયા, કમાભાઈ ભરવાડ, બાલાભાઈ ભરવાડ, સુખાભાઈ ભરવાડ, જયેશદાદા, ધનશ્યામ મેધાણી, પ્રવિણબાપુ, હસમુખભાઈ પલિરા, આનંદ ધાનાણી, મનુભાઈ ડેર, સુરેશભાઈ રામાણી સહિતના સરપંચો આ તકે હાજર રહેલ.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૩૧ | ૧૩૬૦ |
| ૨ | જુવાર સફેદ | ૭૦૦ | ૭૮૦ |
| ૩ | જીરૂા | ૪૭૦૦ | ૪૭૦૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૨૦૦ | ૧૨૭૧ |
| ૨ | શીંગ મોટી | ૧૨૦૦ | ૧૨૫૧ |
| ૩ | શીંગ દાણા | ૧૭૫૧ | ૧૮૭૧ |
| ૪ | તલ સફેદ | ૨૧૯૦ | ૨૫૦૦ |
| ૫ | જીરૂ | ૪૩૦૦ | ૪૮૯૦ |
| ૬ | કપાસ | ૧૩૦૦ | ૧૫૫૫ |
| ૭ | ઘઉં લોકવન | ૪૭૫ | ૫૫૯ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૮૬ |
| ૯ | બાજરો | ૪૦૦ | ૫૧૮ |
| ૧૦ | જુવાર | ૪૮૬ | ૭૫૯ |
| ૧૧ | મગ | ૧૫૩૦ | ૧૬૦૦ |
| ૧૨ | ચણા | ૧૨૭૦ | ૧૨૯૮ |
| ૧૩ | તુવેર | ૧૩૯૯ | ૧૯૨૦ |
| ૧૪ | સોયાબીન | ૭૯૪ | ૮૧૩ |

## પાના ૧ ઉપરનું ચાલું સાવરકુંડલાનાં લીખાણા ગામેથી

૨૩થી ૨૧/૫/૨૦૨૪ના ક. ૬ વાગ્યા દરમ્યાન ઘરેથી કોઈને કહ્યા વિના પોતાની મેળે કયાંક જતી રહેલ હશે અને તેને આ કામે જાહેર કરનારને ગામ જીવાપર તા. ખાંભા ગામના રહેવાસી રમેશભાઈ બાબુભાઈ પરમાર સાથે હોય, તેવો શોક વહેક હોય, જે અંગે જાહેર કરનારે સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશને ગુમ જા.જોગ નં. ૦૭/૨૪ દાખલ કરાવેલ હતી.

જે અન્વયે ખાંભા પોલીસ સ્ટેશન પો.સબ. ઈન્સ આર.જી. ચૌહાણના સિધા માર્ગદર્શન હેઠળ ખાંભા પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમ પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન હયુમન સોર્સની મદદથી બાતમી રાહે હકિકત મળેલ કે, ગુમ થનાર ભુમીબેન ડો/ઓ લાલજીભાઈ બાબુભાઈ બાવુભાઈ વાઘેલા હાલ રમેશભાઈ બાબુભાઈ પરમાર સાથે ત્રાકુડા બસ સ્ટેશનમાં બેઠેલ છે, તે હકીકતના આધારે ખરાઈ કરી તપાસ કરતા ગુમ થનાર મહિલા ઈસમ રમેશભાઈ બાબુભાઈ પરમાર સાથે ત્રાકુડા બસ સ્ટેશન ખાતેથી શોધી કાઢેલ છે.

આ કામગીરી ખાંભા પો. સ્ટેશનના પો.સબ. ઈન્સ આર.જી. ચૌહાણની સુચના અને માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ ટીમના પો.કોન્સ રાજુભાઈ બોદર તથા પો.કોન્સ ભાવેશભાઈ બુધેલા તથા વુમન હેડ કોન્સ. ગંગાબેન આર. બાંભણીયાએ કરેલ છે.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલી જિલ્લાની ''આશાવર્કર''માં

પડી રહ્યું છે. આજે બહેનોએ પાઠવેલ આવેદનપત્રમાં જણાવેલ છે કે, PMJYનું ઈન્સેટીવનું ચુકવણું આજ સુધી કરવામાં આવ્યું નથી., આશા/આશા ફેસિલીટેર બહેનોને દર માસના અંતે તમામ ચુકવણું સમયસર કરવામાં આવે તો તેઓનો ઘર સંસાર આ મોંઘવારીમાં ચાલીશકે, હાલમાં તમામ ચુકવણું અલગ હેડથી કરવામાં આવે છે તેનાથી બહેનોને ગુંચવાડો ઉભો થાય છે તો ઈન્સેટીવ ૫૦% તથા ૨૫૦૦નો વધારાનું ચુકવણું મહિનાના અંતે એકજ સાથે એકજ હેડથી થાય તેવી વ્યવસ્થા કરવી., દેશની તમામ આશા બહેનોને ઓછામાં ઓછું ૧૮,૦૦૦ રૂપિયા તથા આશા ફેસિલીટેર બહેનોને ૨૪૦૦૦ રૂપિયા દર મહિને વેતન ચુકવવામાં આવે., આશા તથા આશા ફેસિલીટેર બહેનોને દરેક મહિને ૩૦ કે ૩૧ દિવસ કામ કરતી હોય તેમને ૨૪ દિવસને બદલે ૩૦ દિવસ કરવામાં આવે., આશા તથા આશા ફેસિલીટેર બહેનોને સામાજિક સુરક્ષાનાં દાયરામાં સમાવેશ કરવામાં આવે., આશા તથા આશા ફેસિલીટેર બહેનોને આકસ્મિક મૃત્યુ થાય તો તેમના પરિવારને ૧૦ લાખ રૂપિયા ચુકવવામાં આવે તેમજ તેના પરિવારને નોકરી આપવામાં આવે., આશા તથા આશા ફેસિલીટેર બહેનોને સેવા નિવૃત્તિ ઉપર ૧૦ લાખ રૂપિયા ચુકવવામાં આવે.

આશા/આશા ફેસિલીટેર બહેનોને ડ્રેસ એક સરખો આપવામાં આવ્યો છે તો તે બદલીને અલગ અલગ આપવો તથા જે સાડી કે ડ્રેસ આપવામાં આવે તે કોટનનું હોય તેવી વ્યવસ્થા કરવી., જે નવા બહેનો આશામાં લીધેલા છે એમને ૫૦% ઈન્સેટીવ કેન્દ્ર સરકાર ધ્વારા મળવાપાત્ર છે તે ચુકવણું આજદિન સુધી કરવામાં આવ્યું નથી તે ચુકવણું કરવાની વ્યવસ્થા કરવી., આશા બહેનોનું ઈન્સેટીવનું પત્રક છે તે પ્રમાણે પુરેપુરૂ ચુકવણું કરવું., આશા/આશા ફેસિલેટર બહેનોને જે પણ કામગીરી આપવામાં આવે તેનો જીઆર આપવામાં આવે અને દરેક કામગીરીનું ઈન્સેટીવ ચુકવવામાં આવે તેમ અંતમાં જણાવેલ છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૨ | મગફળી | ૧૧૨૧ | ૧૧૨૧ |
| ૩ | ઘઉ | ૪૫૧ | ૫૦૨ |
| ૪ | ચણા | ૧૨૨૫ | ૧૨૨૫ |
| ૫ | તલકાળા | ૨૮૦૦ | ૨૮૦૦ |
| ૬ | જીરૂ | ૪૮૦૦ | ૪૮૦૦ |
| ૭ | શીંગદાણા | ૧૫૦૧ | ૧૫૦૧ |
| ૮ | શીંગફાડા | ૧૨૪૯ | ૧૨૪૯ |
| ૯ | મગ | ૧૬૧૧ | ૧૬૧૧ |
| ૧૦ | સોયાબીન | ૮૧૬ | ૮૧૬ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૪૦૦ | ૧૪૩૦ |
| ૨ | ચણા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૩ | ઘઉ લોકવન | ૫૦૮ | ૫૨૭ |
| ૪ | ઘઉ ટૂકડા | ૪૭૪ | ૪૭૪ |
| ૫ | સોયાબીન | ૭૮૦ | ૮૦૬ |
| ૬ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૪૫૨ |
| ૭ | શીંગદાણા | ૧૧૦૦ | ૧૫૪૦ |
| ૮ | મગફળી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૯ | જીરૂ | ૪૦૦૦ | ૪૦૦૦ |

## પાના ૧ ઉપરનું ચાલું પાસા હેઠળ અટકાયત

આચરતા ઈસમ શિવરાજ ઉર્ફે શિવો વાલાભાઈ ધાખડા, રહે. વડ, તા. રાજુલા), વિરૂધ્ધ પુરાવાઓ એકઠા કરી, પાસા દરખાસ્ત તૈયાર કરી, પોલીસ અધિક્ષક અમરેલી મારફતે જિલ્લા મેજિસ્ટ્રેટ, અમરેલી તરફ મોકલી આપેલ હતી.

ભયજનક વ્યકિતની સમાજ વિરોધી અસામાજીક પ્રવૃતિ પર અંકુશ લાવવાનું જરૂરી જણાતા, અમરેલી જિલ્લા મેજીસ્ટ્રેટ અજય દહિયાએ આ ઈસમ વિરૂધ્ધ પાસાનું વોરંટ ઈસ્યુ કરતા અમરેલી પોલીસ અધિક્ષકની સુચના મુજબ અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ.પટેલ તથા એલ.સી.બી. ટીમ દ્વારા શીવરાજ ઉર્ફે શીવા વાલાભાઈ ધાખડાને પાસા વોરંટની બજવણી કરી મધ્યસ્થ જેલ અમદાવાદ ખાતે અટકાયતમાં રહેવા મોકલી આપેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું ગોપાલભાઈ (ચમારડી)એ

ધ્યાનમાં આ વાત ન આવે તે શકય નથી. તેમણે તુરત જ પોતાના વિસ્તારમાં વૃક્ષારોપણની ઝુંબેશ શરૂ કરી. પોતાના ૬૦મા જન્મદિને વિસ્તારમાં ૬૦ હજાર નવા વૃક્ષો ઉછેરવાનો સંકલ્પ જાહેર કર્યો. લોકોને પોતાના ઘર, વાડી, ખેતરમાં વાવવા નવા રોપાઓ ગુજરાતના અલગ અલગ વિસ્તારોમાંથી મંગાવી લોકોને આપ્યા. એટલું જ નહીં પણ જે કોઈ આ રોપા ઉછેરી વૃક્ષોનું જતન કરશે તેને અમુક સમય બાદ આર્થિક મદદ કરવાની જાહેરાત પણ કરી.

સમાજ માટે કંઈક કરી છુટવાની ભાવના ગોપાલદાસના જીવનનું ખુબજ અંગભૂત પાસું છે જેના કારણે અગાઉ તેમના દ્વારા આ વિસ્તારમાં વર્ષો સુધી સમૂહલગ્નોનું આયોજન કરાયેલ અને જેના કારણે અસંખ્ય સામાન્ય સ્થિતિના પરિવારો તેમના દીકરા–દીકરીના લગ્નો સ્વામાનભેર કરાવીશકયા. ગત બે–ત્રણ વર્ષોથી તેઓ બાબરા–લાઠીના ગામડાંઓમાં સરદારની પ્રતિમા સ્થાપિત અગાઉ સંખ્યાબંધ સમુહલગ્નો કરાવી હજારો દીકરીઓને કન્યાદાન કરી વિસ્તારનું વાલીપણું શોભાવ્યું. લાઠી–બાબરા તાલુકાના કુદરતી આફત કે કોરોના મહામારી પ્રસંગે વિસ્તારના આગેવાન તરીકેની હંમેશા લોકોની પડખે ઉભા રહયા. સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા ગામે ગામે ઉભી કરી, સરદારના દેશ પરના ઋણ પ્રત્યે કૃતજ્ઞતા વ્યકત કરી સમાજને રંજાડતા અસામાજીક તત્વોની પ્રવૃતિ સામે નીડરતાથી અવાજ ઉઠાવી લોકોની ઢાલ બની ઉભા રહયા. કરવા, પોતાના તરફથી સરદારના સ્ટેચ્યુ લોકોને ભેટ આપતા રહયા છે. એક પૂર્ણવિકસિત વૃક્ષ ૩ થી ૫ લોકો માટેનો ઓકિસજન ઉત્પન્ન કરે છે. વૃક્ષો વાતાવરણમાંથી ૨૮% જેટલો કાર્બન ડાયોકસાઈડ શોષી લે છે. પ્રાણીઓ અને પક્ષીઓ ઉપરાંત વિશ્વના ૧.૬ અબજ લોકો જંગલો પર નભે છે. ગ્લોબલ વોર્મિંગ ઘટાડવા, માટીનું ધોવાણ અટકાવવા, પુરોથી થતું નુકશાન અટકાવવા, રણ અને બનજર જમીનનો વિસ્તાર થતો અટકાવવામાં જંગલો ખુબજ મહત્વનો રોલ ભજવે છે. આ ઉપરાંત માનવજાતને વૃક્ષો, ફળો, લાકડું અને મેડીસીન આપે છે.

મત્સ્ય પુરાણમાં એક શ્લોક છે જેનો અર્થ થાય છે કે,

''૧ વાવ ૧૦ કુવા બરાબર છે
૧ તળાવ ૧૦ વાવ બરાબર છે
૧ દીકરો ૧૦ તળાવ બરાબર છે અને
૧ વૃક્ષ ૧૦ દીકરા બરાબર છે.''

ખલિલ જીબ્રાન કહે છે કે, ''વૃક્ષો ધરતી દ્વારા આકાશ પર લખાયેલ કવિતાઓ છે.'' હમણાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ''એક વૃક્ષ માં કે નામ'' અભિયાનનો પ્રારંભ કર્યો છે તે અંતર્ગત ઈન્દોરમાં ૧૪ જુલાઈના રોજ દેશના ગૃહમંત્રી અમિત શાહની ઉપસ્થિતિમાં એક જ દિવસમાં ૧૧ લાખ વૃક્ષો વાવવાનો વર્લ્ડ રેકોર્ડ સર્જાયો. આપણે કેન્દ્રીય પોલીસ દળોએ મે–૨૦૨૪ સુધીમાં ૫ કરોડ વૃક્ષો વાવવાનો સંકલ્પ કરેલ જે તેમણે ૨૦૨૩ના વર્ષમાં જ પુરો કરી દીધો. સમગ્ર દેશમાં નવા વૃક્ષો ઉગાડવાનો જે યજ્ઞ શરૂ થયો છે તેમાં અમરેલી જીલ્લામાં ગોપાલભાઈના અભિયાને યોગ્ય આહૃતિ આપવાનું પુણ્ય કાર્ય કર્યુ છે જે માટે તેમને જેટલા અભિનંદનો આપીએ તેટલાં ઓછા છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૫૨ | ૧૫૪૧ |
| ૨ | મગફળી | ૧૦૯૦ | ૧૨૬૭ |
| ૩ | જીરૂ | ૪૨૨૫ | ૪૯૦૦ |
| ૪ | ઘઉ | ૪૪૫ | ૫૩૫ |
| ૫ | તલ | ૨૨૦૦ | ૨૪૫૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૨૧૦૦ | ૨૬૧૦ |
| ૨ | કપાસ | ૧૧૫૦ | ૧૫૧૧ |
| ૩ | બાજરો | ૪૬૦ | ૫૨૦ |
| ૪ | ઘઉટુકડા | ૪૯૭ | ૫૭૦ |
| ૫ | જુવાર | ૪૫૫ | ૭૭૧ |
| ૬ | મગ | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ૭ | મઠ | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૮ | ચણા | ૧૨૬૬ | ૧૨૬૬ |
| ૯ | જીરૂ | ૪૭૦૨ | ૪૭૦૨ |
| ૧૦ | એરંડી | ૧૦૫૧ | ૧૦૫૨ |
| ૧૧ | સોયાબીન | ૮૧૭ | ૮૩૧ |

## પ્રદેશ કોંગ્રેસનાં પૂર્વ પ્રમુખ અને કોંગી ધારાસભ્ય અમિત ચાવડાની સટાસટી

# કેસરીયો ખેસ પહેરો, ભાજપનાં નેતાઓ સાથે ફોટા પડાવો અને બેફામ ભ્રષ્ટાચાર કરો

### સરકારની ઢીલી નીતિઓ અને મીલીભગતનાં કારણે ગુજરાત ''ઉડતા ગુજરાત'' બની રહ્યું છે

### કેસરીયો ધારણ કરીને જનતાને ડરાવતા, ધમકાવતાં કાર્યકરો સામે મુખ્યમંત્રી કયારે મકકમ બનશે ?

### ગુજરાત ડ્રગ્સનું લેન્ડીંગ, ટ્રેડીંગ હબ, મેન્યુફેચરીંગ હબ બની ગયું છે

### ભજીયાની લારીથી લઈને આઈસ્ક્રીમનાં પાર્લર સુધી ડ્રગ્ઝનું વેચાણ થતું હોવાનો આક્ષેપ

અમદાવાદ, તા. ૩૦

વિધાનસભા ખાતે પત્રકાર પરિષદમાં વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, મૃદુ મુખ્યમંત્રી કયારે થશે મક્કમ એવું ગુજરાતના મતદારો પૂછી રહ્યા છે. ગુજરાત ભાજપ સરકારના આશિર્વાદથી બેફામ બનેલા ગુંડાઓ અને ભ્રષ્ટાચારો થકી 'ઉડતા ગુજરાત' બની ગયું છે, જે આવનારી પેઢીઓ માટે ખુબજ ચિંતાનો વિષય છે. ગુજરાતના દરિયા કાંઠે છેલ્લા કેટલાક વર્ષોમાં કરોડો રૂપિયાનું ડ્રગ્સ લેન્ડ થયું છે. જેના કારણે ગુજરાત ડ્રગ્સનું લેન્ડીંગ હબ બની રહ્યું છે. જે રીતે ડ્રગ્સની મેન્યુફેકચરિંગ ફેકટરીઓ પકડાઈ, ફાર્માસ્યુટીકલ કંપનીની આડમાં ડ્રગ્સની મેન્યુફેકચરિંગ ફેકટરીઓ પકડાય એનાથી એમ



કહેવાય છે કે ગુજરાત ડ્રગ્સનું મેન્યુફેકચરિંગ હબ બની ગયું છે. જે રીતે ડ્રગ્સની હેરાફેરી થાય છે, વેપાર થાય છે એનાથી ગુજરાત ડ્રગ્સનું ટ્રેડીંગ હબ પણ બની રહ્યું છે. ગુજરાતમાં ઠેરઠેર ભજીયાની લારીથી લઈને આઈસ્ક્રીમના પાર્લર સુધી ડ્રગ્સ વેચાય છે, એનાથી ગુજરાત ડ્રગ્સના વેચાણ માટેનું રીટેઈલ હબ પણ બની રહ્યું હોય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે.

એક તરફ ડ્રગ્સનો કોઈ પેડલર પકડાય તે રાજયના ગૃહમંત્રી સાથે, રાજયપાલ સાથે ભાજપના પ્રદેશ અધ્યક્ષ સાથે, ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી સાથે ભાજપના અનેક મોટા નેતાઓ સાથે નજીકનો ઘરોબો ધરાવતા હોય તે રીતે ફોટા પડાવે છે. (એના દાખલા રૂપે ડ્રગ્સના પેડલર સાથે રાજયના ગૃહમંત્રી અને પ્રદેશ પ્રમુખ સાથેનો ફોટો દેખાડવામાં આવ્યો.) રાજયના ગૃહમંત્રીને ડ્રગ્સનો પેડલર જન્મદિવસની શુભેચ્છા આપતા લખે છે કે, મારા જીગરજાન મિત્ર અને મોટાભાઈને હું જન્મદિવસની શુભકામનાઓ પાઠવું છું. જયારે ગૃહમંત્રીના ઓફિસિયલ ટવીટર હેન્ડલ પરથી એને જવાબ મળે છે ધન્યવાદ ભાઈ. એનો સ્પષ્ટ મત્તલબ થયો છે કે ડ્રગ્સના પેડલરો, ડ્રગ્સનો ધંધો કરતા લોકોનો નજીકનો સબંધ છે. આ જ કારણે આજે ગુજરાતમાં ખુલ્લેઆમ ડ્રગ્સ વેચાઈ રહ્યું છે અને યુવા પેઢી બરબાદ થઈ રહી છે.

રાજકોટમાં કોલેજની એક દીકરી પર બળાત્કાર કરવામાં આવ્યો એને પીંખી નાખવામાં આવી એમાં પણ ભાજપના નેતાઓ સંડોવાયેલા છે પરંતુ હદ તો ત્યારે થાય છે કે ભાજપના પ્રદેશ લેવલના એક નેતાની હોસ્પિટલમાં આવ્યા દુષ્કૃત્યો કરવામાં આવે છે તેમ છતાં એમનો વાળ પણ વાંકો નથી થતો. રાજકોટ, લોધીકામાં ગૌચરની જમીનો પચાવી પાડવામાં પણ ભાજપના નેતાઓ સંડોવાયેલા છે એની સામે સ્થાનિકો વારંવાર રજુઆતો કરે છે છતાં કોઈ કાર્યવાહી થતી નથી.

NEET પેપર કાંડની આખા દેશમાં ચર્ચાઓ થઈ એમાં પણ ગોધરાના ભાજપના નેતા સંડોવાયેલ છે. અમદાવાદમાં જયેશ ભાવસાર કરીને ભાજપના આગેવાન દ્વારા બીજા રાજયોમાંથી દારૂ લાવીને ગુજરાતમાં ઘુસાડવાનું નેટવર્ક ચલાવે છે, ભાજપના બીજા એક નેતાના પુત્ર લોકસભાની ચૂંટણી વખતે ભાજપને પ્રચાર અર્થે ગાડીઓ જોઈએ છે એમ કરી ગાડીઓ લોકો સાથે છેતરપીંડી કરી મેળવી એ ગાડીઓનું વેચાણ કરી ગીરવે મુકવામાં આવે છે એ ગીરવે મુકેલી ગાડીઓમાં દારૂ અને માંસની હેરફેર થતી હોવાની ફરિયાદો મળી છે છતાં એની સામે કાર્યવાહી થતી નથી પરંતુ લોકો જયારે રસ્તા ઉપર ઉતરે ત્યારે કાર્યવાહી થાય છે. એનો સ્પષ્ટ મત્તલબ છે કે ગુજરાતમાં જેટલું પણ ખોટું ચાલે છે એ બધાની અંદર ભાજપનો કેસરિયો ખેસ પહેરેલા લોકો સંડોવાયેલા છે તેમ બહાર આવી રહ્યું છે.

ગરીબો માટેના અનાજની ચોરી અને હેરફેર થઈ રહી છે એમાં પણ ભાજપના એક નેતા પકડાય છે. રાજયમાં અત્યારે સ્થિતિ એવી છે કે ગૃહમંત્રી એમના નજીકના મિત્રો સામે મક્કમ નથી થઈ શકતા પણ કહેવાતા મક્કમ મુખ્યમંત્રી પણ એમના રાજમાં આખું તંત્ર બોદું અને નકામું થયું છે તેમ છતાં ચુપ છે. ચારે તરફ ભ્રષ્ટાચાર ચાલે છે, ગેરવહીવટ ચાલે છે, અધિકારીઓનું રાજ ચાલે છે, ભાજપના ચૂંટાયેલા ધારાસભ્યો પણ ખુલ્લેઆમ ફર્યા કરે છે તેમ છતાં કહેવાતા મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી તંત્ર સામે પગલા લેતા અચકાય છે એનો જવાબ સરકાર આપે. ચારે તરફ ભાજપના જ નેતાઓ દ્વારા ચૂંટણી જીતવા ભરતી મેળો કરવામાં આવે અને કોઈપણ કક્ષા જોયા વગર પ્રોત્સાહન આપવામાં આવે છે તેના કારણે જે સ્થિતિનું નિર્માણ થયું છે તેનાથી અમારે પણ મુખ્યમંત્રીને કહેવું છે કે કયારે ધ્રુતરાષ્ટ્રની ભૂમિકામાંથી બહાર આવશો, કયારે ભાજપના કેસરિયો ખેસ પહેરી ખુલ્લેઆમ લોકોને લુંટતા, લોકોને ડરાવતા, ધમકાવતા, અત્યાચાર અને અન્યાય કરતા ભાજપના કાર્યકરો સામે પગલા લેવામાં કયારે તમે મક્કમ બનશો એ ગુજરાતની જનતા પૂછી રહી છે. ગુજરાતમાં અત્યારે એક મજબુત મુખ્યમંત્રીની જરૂર છે. હિંમતવાળા મુખ્યમંત્રીની જોઈએ છીએ જે આખા ગુજરાતમાં ચોરીઓ, લુંટ, અન્યાય અને અત્યાચાર થઈ રહ્યો છે, બળાત્કાર થઈ રહ્યો છે, ભાજપનો કેસરિયો ખેસ પહેરી બેફામ થયેલા લોકો ગુજરાતના લોકોને ડરાવી-ધમકાવીને લુંટી રહ્યા છે એની સામે મક્કમ પગલા લે એવી આશા રાખીએ છીએ.

## પ્રમુખ તરીકે રોટે. અનીલ આડતીયા

# રોટરી કલબ ઓફ અમરેલી સીટીનો પદગ્રહણ સમારંભ યોજાયો

### સેક્રેટરી તરીકે રોટે. જીજ્ઞેશ મોદીની નિમંણૂક

અમરેલી, તા. ૩૦

તા.૨૭.૭.૨૦૨૪ના રોજ છેલ્લા ૧૬ વર્ષથી અમરેલી શહેરમાં રોટરી કલબ ઓફ અમરેલી સીટી તરીકે વિવિધ સેવાકીય પ્રવૃતિ કરતી સંસ્થાનો પદગ્રહણ સમારોહ યોજાયો હતો.

જેમાં ડીસ્ટ્રીકના આસી. ગર્વનર અંબરીષ રાજયગુરૂની હાજરીમાં પ્રમુખ તરીકે રોટે.અનીલ આડતીયા તથા સેક્રેટરી તરીકે રોટે. જીજ્ઞેશ મોદીની નીમણુંક કરી શપથ ગ્રહણ કરવામાં આવેલ હતા.

આ ઉપરાંત બોર્ડ મેમ્બરની પણ નીમણુંક કરવામાં આવી હતી, જેમાં રોટે.પ્રકાશ સોની, રોટે.મેહુલ દેશાઈ, રોટે.સંજય ભુવા, રોટે.હીરેન મોદી, રોટે.હીતેશ વ્યાસ,રોટે.કેતન પારેખ, રોટ.ડો.તેજસ બંનજારાએ શપથ ગ્રહણ કરેલ હતાં.


વિવિધ પ્રોજેકટનાં ચેરમેન તરીકે રોટે.ભાવીન ગઢીયા,રોટે.નીલેશ



સોનપાલ ,રોટે.રાકેશ વસાણી, રોટે. ભાવેશ ભુતા,રોટે.આનંદ પોપટ, રોટે. કૈલાશ પારેખ,રોટે.યશ મસરાણી તથા રોટે.હીતેશ પારેખે શપથ ગ્રહણ કરેલ.

રોટરી કલબ ઓફ અમરેલી સીટી દ્વારા અમરેલી શહેરમાં મુખ્ય પ્રવૃતિમાં અત્યાર સુધીમાં પોલીયોના બુથ પર આવેલા ૧૮૦૦૦ થી વધુ બાળકોને પોલીયાનાં ટીપા સાથે રમકડા વિનામુલ્યે આપવામાં આવેલ છે.આ ઉપરાંત વૃક્ષા રોપણ, હદયરોગ, નિદાન કેમ્પ, વિવિધ રોગ કેમ્પ, કેન્સર નિદાન કેમ્પ,બહેરામુંગા બાળકોની શાળામાં કોમ્પ્યુટર લેબ, વિકલાંગોને સાઈકલ વિતરણ, બહેનોને પગભર કરવા માટે સીલાઈ મશીન, સ્કુલોમાં ૨૫૦ થી વધુ બાળકોને બેસવા માટેની બેન્ચ, પુસ્તકો, સ્વેટર, વોટરકુલર તથા ૨૮ થી વધુ શાળામાં પાકા ટોઈલેટ બ્લોક બનાવી આપવામાં આવેલ છે. આ વર્ષે હજુ વધુ પ્રોજેકટ કરવામાં આવશે તેવું સેક્રેટરી રોટે. જીજ્ઞેશ મોદીની યાદીમાં જણાવ્યું હતું.

# દામનગર પંથકમાં સારા વરસાદ માટે પ્રાર્થના કરતા લોકો



અમરેલી, તા.૩૦

દામનગર પંથકમાં સારા વરસાદ માટે પ્રાર્થના કરતા કિસાનો અને લોકો ગુજરાતના લગભગ તમામ જિલ્લાઓમાં મેઘરાજાએ મહેર નોકરી છે, અને નુકશાન પણ થયું છે. સૌરાષ્ટ્રના અમરેલી જિલ્લામાં પણ ઘણા- ખરા વિસ્તારોમાં ૫ ઈંચ થી વધુ વરસાદ થયો છે. જિલ્લાના લાઠી તાલુકાના દામનગર પંથક ઉપર વરસાદી વાદળો જોવા મળે છે, પરંતુ હળવા ઝાપટા થી સંતોષ માની લેવામાં આવે છે. વધુ વરસાદ થાય અને આ વિસ્તારના તળાવો અને ચેકડેમો ભરાય જાય તેમજ ડેમ તરફ જતી નદીઓ મા પાણી વહેતા થાય તે માટે કિસાનો અને લોકો પ્રાર્થના કરી રહ્યા છે, આગાહી છે તે મુજબ મેઘરાજા મહેરબાન થાય એવી આશા બંધાણી છે.

# અમરેલી : શ્રીમતી શાંતાબેન હરિભાઇ ગજેરા કેમ્પસમાં તાલુકા કક્ષા SGFI ની એથ્લેટિકસ સ્પર્ધાનો શુભારંભ



અમરેલી, તા. ૩૦

શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા-વિદ્યાસભા કેમ્પસ ખાતે તાલુકા કક્ષા સ્કુલ ગેમ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા એથ્લેટિકસ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ,જેમાં અમરેલી તાલુકાની વિવિધ સ્કુલોમાંથી આવેલ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો,આ સ્પર્ધામાં ૫૦૦ મીટર દોડ, ૮૦૦ મીટર દોડ, ૪૦૦ મીટર દોડ, ૧૦૦ મીટર દોડ, રિલેદોડ,ગોળાફેક, બરછીફેક, ચક્રફેક, ભાલાફેક, ઉંચીકુદ, લાંબીકુદ સહિતની મેજર એથ્લેટિક ગેમની ઈવેન્ટ યોજાય.જેમાં સ્કુલ કેમ્પસના વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહ પૂર્વ સ્પર્ધામાં ભાગ લઈ શાળાનું પ્રતિનિધિત્વ કરેલ.આ સ્પર્ધામાં અમરેલી તાલુકા સ્કુલના વિદ્યાર્થીઓ સ્પર્ધકો બનેલ જેમાં ઉપરોકત તમામ રમતોમાં ભાઈઓ અને બહેનો માટે અલગ અલગ વિભાગમાં આ સ્પર્ધા યોજાયેલ છે.જેમાં ભાઈઓ અને બહેનો બંને વિભાગમાં કુલ ૪૦૦ સ્પર્ધકોએ પોતપોતાના કોચના માર્ગદર્શન હેઠળ ઉપરોકત રમતોમાં ભાગ લઈ પોતાના શાળાનું પ્રતિનિધિત્વ કરેલ છે.નોંધનિય છે કે રમત ગમત સ્પોર્ટસ સ્કુલ કાર્યરત હોય જેથી દરેક વિદ્યાર્થીને સ્પોર્ટસમાં આગળ વધવા માટે દરેક રમત ગમતમાં મજબુત પ્લેટફોર્મ પુરૂ પાડવામાં આવી રહયું છે.

## લાયન્સ કલબ ઓફ અમરેલી મેઈન દ્વારા

# અમરેલીનાં નિત્યમ વિદ્યા સંકુલનાં વિશાળ પટાંગણમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

### વૃક્ષનું વાવેતર બાદ જતન કરવાનો સંકલ્પ

અમરેલી, તા. ૩૦

લાયન્સ કલબ ઓફ અમરેલી મેઈન તથા નિત્યમ વિદ્યા સંકુલના સંયુકત ઉપક્રમે વિદ્યા સંકુલનાં વિશાળ મેદાનમાં વૃક્ષારોપણ કરવામાં આવેલ. જુદા જુદા ચંપો, કરણ વગેરે ૬-૭ પ્રકારનાં અલગ અલગ રોપાઓ વાવી વૃક્ષારોપણનો સુંદર કાર્યક્રમ કરેલ. પર્યાવરણનું જતન કરવામાં વૃક્ષોનું ખુબ જ મહત્વ રહેલ છે. આ તકે પ્રમુખ રાજેશ વિઠલાણી, નિત્યમ વિદ્યાસંકુલના ચેરમેન હસમુખ પટેલ, કલવ સેક્રેટરી લા. બકુલ ભટ,




ખજાનચી હર્ષદ વઘાસીયા, રિજીયન ચેરમેન લા. દિનેશભાઈ ભુવા, લા.રાજુભાઈ પરિખ, લા.કૌશિક હપાણી, લા.જતીન સુખડીયા, લા. રાજેશ ઝાલાવાડીયા, લા. ઘનશ્યામ શિંગાળા, લા. દિવ્યેશ તળાવીયા, લા.ભાવેશ નાકરાણી, લા.જતીન કોટડીયા તથા અન્ય લાયન્સ સદસ્યઓ તેમજ નિત્યમ વિદ્યા સંકુલનાં કયાડા સા તેમજ અન્ય સ્ટાફ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી સેવાઓ કરેલ.તેમજ વૃક્ષના રોપા વાવી તેનું જતન કરવા અપીલ કરેલ.

# વડિયા : સરદાર પટેલ વિદ્યાલયનું ગૌરવ વધ્યું



વડિયા, તા.૩૦

વડિયાની સરદાર પટેલ વિદ્યાલય દ્વારા સી.ઈ.ટી. પરીક્ષા વર્ષ ૨૦૨૩/૨૪માં શાળામાં અભ્યાસ કરતા ઢોલરિયા નક્ષ ભરતભાઈ, રાંક ધ્રુવ જિજ્ઞેશભાઈ અને રાંક કુંજ રિંકલભાઈ ઉચ્ચ માર્કસાથે ઉતીર્ણ થયા છે તો સમગ્ર શાળા પરિવાર તરફથી ખૂબ ખૂબ શુભેચ્છાઓ અને અભિનંદન પાઠવામાં આવ્યા. ભવિષ્યમાં એમના માતા પિતા અને શાળાનું નામ રોશન કરે એવી શુભેચ્છા સરદાર પટેલ વિદ્યાલય દ્વારા આપવામાં આવી છે.

## આઝાદીદિન નાં પૂર્વ દિવસે ૧૪ ઓગસ્ટે

# ચલાલા ખાતે ગાયત્રી પરિવાર દ્વારા નેત્રયજ્ઞ તથા સર્વરોગ નિદાન કેમ્પ યોજાશે

### જરૂરિયાતમંદોને લાભ લેવા અનુરોધ થયો

ચલાલા, તા. ૩૦

ચલાલા વિવિધ સેવાકીય કાર્યો કરનાર ચલાલાના યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા ગાયત્રી સંસ્કાર કેન્દ્ર,ધારી રોડ ચલાલા ખાતે આગામી તા.૧૪-૦૮-૨૦૨૪, બુધવારના રોજ ૨૬૯મો નેત્રયજ્ઞ, દંતયજ્ઞ, સર્વરોગ કેમ્પનું આયોજન કરેલ છે.રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ તથા જીલ્લા અંધત્વ નિવારણ સમિતિના ઉપક્રમે યોજાનાર આ કેમ્પમાં નિષ્ણાંત ડોકટરોની ટીમ સેવા આપશે.

પી.એમ.તરફથી - ૧ આર્થિક સહયોગથી યોજનાર આ કેમ્પમાં દર્દીઓની તપાસ કરી દવા આપવામાં આવશે અને ઓપરેશનની જરૂરીયાતવાળા દર્દીને રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ ખાતે લઈ જઈ ફેકોમશીન દ્વારા ઓપરેશન કરી વિનામૂલ્યે નેત્રમણી મૂકી અદ્યતન સારવાર અને દવા આપવામાં આવશે અને સાથે દર્દીઓએ આધારકાર્ઢની ઝેરોક્ષ નકલ સાથે લાવવી.દંતયજ્ઞમાં દાતના તમામ રોગો જેવા કે દાત કાઢવા ચાંદી પુરવી વગેરેની સારવાર વિનામૂલ્યે કરવામાં આવશે.

સર્વરોગ કેમ્પમાં તમામ પ્રકારના રોગો જેવા કે શ્વાસ, હરસ મસા, ડાયાબીટીશ,પેટના રોગો,વાના રોગો, વગેરેની સારવાર કરી દવા પણ વિનામુલ્યે આપવામાં આવશે.

હરિબા મહિલા કોલેજમાં દીકરીઓ માટે આર્ટસ, કોમર્સ, બી.સી.એ.જેનું પ્રવેશ કાર્ય શરૂ છે.

ઉપરોકત સ્થળે દર મહિનાના બીજા બુધવારે નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ કેમ્પ યોજાય છે કેમ્પમાં ઉપરોકત તમામ સારવાર વિનામૂલ્યે મળશે તો ચલાલા અને આજુબાજુના ગામોમાંથી વધુમાં વધુ લોકો લાભલે તેવું સંસ્થાના વડા પૂ.શ્રી ડો.રતિદાદાની એક યાદીમાં જણાવ્યું છે.

# ચલાલા : ગાયત્રી સંસ્કાર ધામ ખાતે સંસ્કૃત ભારતીની અભ્યાસ વર્ગ શિબિર યોજાઇ



ચલાલા યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ખાતે સંસ્કૃતિ ભારતીની અભ્યાસ વર્ગ શિબિર યોજાઈ હતી. જેમાં ભાવનગર વિભાગ સહિત બોટાદ, અમરેલીના સંસ્કૃત ભારતીના કાર્ય ભારી ભાઈ બહેનો ખાસ ઉપસ્થિત રહ્યા હતાં. જેમાં સર્વ પ્રથમ સંસ્થાના ડાયરેકટર ભારત ભૂષણ મહેશભાઈ મહેતા તેમજ સૌરાષ્ટ્ર પ્રાંતના સહ મંત્રી પ્રણવભાઈ રાજયગુરૂ સંસ્કૃત ગૌરવ પરીક્ષાના અધ્યક્ષ મનોજભાઈ ઉપાધ્યાય, વિભાગીય સહયોજક ડો. અમિતભાઈ ઉપાધ્યાય સહિતના મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટય કરી કાર્યક્રમની શુભ શરૂઆત કરાઈ હતી. ત્યારબાદ સંસ્થા દ્વારા ચાલતું સંસ્કૃત શકિત ગુરૂકુળના વિદ્યાર્થીઓ દ્વારા સંસ્કૃત સ્વાગત ગીત રજુ કરી મહેમાનોના દિલ જીતી લીધા હતા. ત્યારબાદ આખો દિવસ દરેક મહાનુભાવોએ સંસ્કૃતમાં વિશેષ ઉદબોધનો આપી સંસ્કૃત વિષે જ્ઞાન આપ્યું હતું. આ કાર્યક્રમમાં પ્રણવભાઈ રાજયગુરૂ, જલ્પાબેન, શીતલબેન મહેતા, લક્ષ્મીબેન સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ત્યારબાદ સર્વે મહેમાનોએ ભોજન પ્રસાદ સાથે લીધો હતો.




## ખોડલધામ ટ્રસ્ટને સૌથી મોટું ૧૧ કરોડનું દાન આપનાર

# ગોપાલભાઈ (ચમારડી)એ જાહેર જીવનમાં સામાજિક સેવાનાં નવા શિખરો સર કર્યા : ડૉ. કાનાબાર

**અગાઉ સંખ્યાબંધ સમૂહલગ્નો કરાવી હજારો દીકરીઓને કન્યાદાન કરી વિસ્તારનું વાલીપણું શોભાવ્યું**

**લાઠી–બાબરા તાલુકામાં કુદરતી આફત કે કોરોના મહામારી પ્રસંગે વિસ્તારનાં આગેવાન તરીકેની હંમેશા લોકોની પડખે ઉભા રહ્યા**

**સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા ગામે ગામે ઉભી કરી, સરદારના દેશ પરના ઋણ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી**

**સમાજને રંજાડતા અસામાજીક તત્વોની પ્રવૃત્તિ સામે નીડરતાથી અવાજ ઉઠાવી લોકોની ઢાલ બની ઉભા રહ્યા**







અમરેલી, તા. ૩૦

વિશ્વભરના પર્યાવરણ શાસ્ત્રીઓના અભિપ્રાય મુજબ ૨૦૨૪નું વર્ષ દાયકાઓ પછી, સમગ્ર દુનિયામાં ઉષ્ણતામાનની દ્રષ્ટિએ સૌથી વધુ ''ગરમ'' વર્ષ રહયું છે. ગત વર્ષે એપ્રિલ–મે–જુનમાં પડેલ અભુતપૂર્વ ગરમીએ ભારતમાં પણ ટેમ્પરેચરના નવા વિક્રમો પ્રસ્થાપિત કર્યા. અભણ લોકો પણ હવે જાણતાં થયા છે કે માનવ દ્વારા પ્રકૃતિના સ્ત્રોતોના અમર્યાદિત ઉપભોગને કારણે આ પરિસ્થિતિ ઉભી થઈ છે જેને વૈજ્ઞાનિકો ''ગ્લોબલ વોર્મીંગ'' કહે છે. આની સામે બચવા કુદરતના ખોળે પાછા ફરવાનો એકમાત્ર વિકલ્પ માનવજાતિ પાસે બચ્યો છે. નવા વૃક્ષો અને વનો ઉભા કરવા એ આપણી પાસેનો હાથવગો અને સહેલો ઉપાય છે. હરહંમેશ લોકોની સુખાકારીની ચિંતા કરતાં અને લોકોની નાડ પર કાયમ જેનો હાથ રહે છે તેવા લાઠી–બાબરાના લોકનેતા અને સફળ બિલ્ડર – ઉદ્યોગપતિ ગોપાલભાઈ ચમારડીના

અનુસંધાન પાના ૬ ઉપર

### એસપીની સુચનાથી સિટી પોલીસની કામગીરી

## અમરેલી : બનાવટી દસ્તાવેજ, વિશ્વાસઘાતનાં ગુન્હામાં નાસતા–ફરતા આરોપીની અટકાયત

**આરોપીની ટેકનિકલ સોર્સની મદદથી થઈ અટકાયત**

અમરેલી, તા.૩૦

અમેરલી જિલ્લા પોલીસ અધિક્ષક હિમક સિંહે તથા અમરેલી ડિવિઝનના નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઈની સુચના તથા માર્ગદર્શન અન્વયે અમરેલી સીટી પોલીસ ઈન્સ્પેકટર એ.એમ. પરમારની રાહબરી હેઠળ અમરેલી સીટી પોલીસ ટીમ દ્વારા આઈપીસી એકટની કલમ



૪૦૬, ૪૧૮, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૭૧, ૧૨૦ (બી), ૩૪ મુજબના ગુન્હના કામના નાસ્તા ફરતા આરોપી પિયુષભાઈ ગોરધનભાઈ શિયાણી (રહે. રોકડવાડી, કેરીયા રોડ અમરેલી)ને હુમન સોર્સ તથા ટેકિનકલ સોર્સની મદદથી અમરેલી ખાતેથી પકડી પાડી ધોરણસર કાર્યવાહી કરેલ છે.

### વનવિભાગને ખબર નથી સિંહ કયા ફરે છે

## જાફરાબાદનાં લાઈટ હાઉસ માર્ગ ઉપર ધોળે દિ'એ સિંહનું આગમન

**એક ગાય પર હૂમલો થતાં કાફલા પડકાર થતા ગાય બચી ગઈ**

જાફરાબાદ, તા.૩૦

જાફરાબાદ લાઈટ હાઉસ રોડ તેમજ મત્સ્યોદ્યોગ ફિશરીઝ કચેરીની સામે ધોળા દિવસે સાવજો આવી ચડયા ગાયનુ મારણ કરવા જતા સ્થાનિક લોકો જોઈ જતા હાકલા પડકારા કરતા સાવજો ત્યાંથી ભાગી



ગયા હતા. આ પહેલા ડુક્કરનુ વાડી વિસ્તારમાં મારણ કરેલ હોય ત્યારે અહીનાં જાગૃત પત્રકાર અકબરભાઈ સૈયદ દ્વારા બાબરકોડ વિભાગને ફોન દ્વારા જણાવાયુ હતુ કે, અહી ત્રણ સાવજો લોકોના રહેણાંક વિસ્તારમાં

અનુસંધાન પાના ૬ ઉપર

### ખાંભા પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમની કામગીરી

## સાવરકુંડલાનાં લીખાણા ગામેથી ગુમ થયેલ મહિલા ત્રાકુડા ખાતેથી મળી આવી

**જીવાપરાના રમેશભાઈ પરમાર સાથે જોવા મળી**

અમરેલી, તા. ૩૦

આ કામે જાહેર કરનાર લાલજીભાઈ બાબુભાઈ વાઘેલા રહે. લીખાળા તા.સાવરકુંડલા જાહેર કરેલ કે, પોતાની દિકરી ભુમીબેન લાલજીભાઈ બાબુભાઈ બાવુભાઈ (ઉ.વ. ૨૦) વાળી ગઈ તા. ૨૦/૫/૨૦૨૪ના ક.

અનુસંધાન પાના ૬ ઉપર



### જિલ્લાભરમાંથી ગંદકી, રખડતા પશુઓ અને બિસ્માર માર્ગની ફરિયાદો ઉભી થઈ છે

## ચલાલા : પાલિકાની બેદરકારીથી પ્રાથમિક શાળા સામે ગંદકીનાં ગંજ ફેલાતા ભૂલકાઓનાં આરોગ્ય પર ખતરો

**શાળાનાં આચાર્યની અવારનવાર રજૂઆત છતાં સફાઈ થતી નથી**



ચલાલા, તા.૩૦

ચલાલા નગરપાલિકાની ઘોર બેદરકારીના કારણે ચલાલા સાટોડીયપરામાં આવેલ પરા પ્રાથમિક શાળાનાં દરવાજાની સામે ગંદકીના ગંજ જામ્યા છે. ગંદકીના ગંજથી ખુબ જ દુર્ગંધ આવતી હોય શાળામાં અભ્યાસ કરતા બાળકોનુ આરોગ્ય સામે ખતરો ઉભો થાય છે. એક તો ચોમાસાની ઋતુ હોય જયાં ત્યાં પાણીના ખાબોચયા અને ખાડા ભરાતા હોય તો શહેરમાં મચ્છર જન્ય રોગોનું પ્રમાણ વધતુ જતુ હોય ત્યારે શહેરમાં વિશેષ પ્રકારની સફાઈ કરાવવાની હોય તેના બદલે જયાં શિક્ષણનું ધામ છે. ત્યાં જ ગંદકીના ગંધ જામ્યા છે. શાળાના આચાર્ય મિહિરભાઈ રાજયગુરુએ ચલાલા નગરપાલિકાના ચિફ ઓફિસરને લેખીત તેમજ મૌખિક રજુઆત અનેકવાર કરી છે.છતા કોઈ જ પરિણામ આવતુ નથી. જે ત્રણ દિવસમાં શાળા સામેના ગંદકીના ગંજ ઉપાડવવામાં નદી આવે તો જિલ્લા આરોગ્ય તંત્રને રૂબરૂ રજૂઆત કરવા જનાર હોય અનેકવાર રજુઆત છતા ન.પા.તંત્ર ઘોર નિદ્રામાં પોઢી રહ્યુ છે. ગંદકીને લઈને વાલીગણમાં પણ રોષ ફાટી નીકળ્યો છે.







*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)